**આજનો સુવિચાર**

સમય સમયની વાત છે આજે લોકો જેને રંગ કહે છે, તેને કાલે ડાઘ પણ કહેશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૨ જૂનાગઢ તા.૨૯-૦૫-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 142, Junagadh : Date : 29 May, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સમગ્ર રાજયમાં ફાયર એનઓસીની તપાસ કરવાના આદેશો છૂટયા : કલેકટરોની ટીમો નીકળી પડી

## ફાયર એનઓસી ન હોય તો ગુનો નોંધવા આદેશ : શાળા, ટયુશન કલાસીસ, મોલ, થિયેટર, માર્કેટ, ધાર્મિક સ્થળોએ એનઓસીની તપાસ : સમગ્ર રાજયમાં ધડાધડ કાર્યવાહી શરૂ : રાજકોટનાં ૮, સુરતનાં પાંચ ગેમઝોનનાં સંચાલકો સામે એફઆઈઆર નોંધાઈ



અમદાવાદ, તા. ૨૯

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે સર્જાયેલા કરૂણ અગ્નિકાંડની ઘટનાના ઘેરા પડઘા પડવાનું સરકારમાં ચાલુ છે.રાજય સરકારે ગેમ ઝોન સહિતના જે જાહેર સ્થળોએ જયાં વધુ ભીડ થતી હોય, તેવા સ્થળોએ ફાયર એનઓસી ન હોય તો ગુના નોંધવા આદેશ કરી દીધા છે. તમામ કલેકટરોને આ સુચના મોકલાતા મામલતદાર, નાયબ મામલતદાર અને પોલીસની સંયુકત ચકાસણી શરૂ થઈ છે અને રાજકોટના આવા ૮ ગેમ ઝોન, સુરતના પાંચ ગેમ ઝોન સહિતના સ્થળોએ સંચાલકો સામે ગુના નોંધાતા ખળભળાટ મચ્યો છે. સરકારે ગેમ ઝોન, મોલ, થીયેટર, માર્કેટ, સ્કુલ, ટયુશન કલાસીસ, મંદિર, મસ્જિદ સહિતની તમામ જગ્યાઓ પર આ ફાયર એનઓસીની ચકાસણી કરવા આદેશ આપ્યો છે. ૨૮ લોકોના મૃત્યુ બાદ સરકારે જેમની પાસે ફાયર એનઓસી ન હોય તેઓ સામે ગુનો દાખલ કરાવવા કલેકટરોને આદેશ આપતા આ અંગે જિલ્લા પોલીસ વડાઓને પણ સૂચના આપવામાં આવી છે. રાજકોટ જેવી દુર્ઘટનાનું રાજયમાં કયાંય પુનરાવર્તન ન થાય તેવી કાર્યવાહી કરવાનાં આદેશ આપ્યા છે. રાજયમાં અગાઉ આગની અનેક ઘટનાઓ લોકો જીવતા ભૂંજાયા છે અને રાજકોટમાં બનેલા અગ્નિકાંડ બાદ હોઈ કોર્ટે પણ ફાયર સેફટીને લઈને સરકારની આકરી ઝાટકાણી કાઢી છે. રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં ૨૮ લોકોનાં મૃત્યુની ઘટના બાદ સરકારે તમામ જિલ્લા કલેક્ટરોને જેની પાસે ફાયર એનઓસી ન હોય તેની સામે ગુનો નોંધવા આદેશ કર્યો છે. જેને લઈને કલેક્ટરોએ જિલ્લા પોલીસ વડાને સૂચના આપી દીધી છે.

જેમાં ગુના નોંધવા માટે સ્પષ્ટ ઉલ્લેખ કરી અને કડક પગલાં ભરવા આદેશ આપ્યા છે. આ હુકમના પગલે રાજકોટના ૮ અને સુરતના પાંચ ગેમ ઝોન સંચાલકો સામે ગુનો દાખલ કરીને પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર દરેક જગ્યાએ સ્થાનિક મામલતદાર-નાયબ મામલતદાર અને પોલીસ સંયુક્ત રીતે ચકાસણી કરવા જશે.

જો કોઈ એકમ પાસે ફાયરની એનઓસી નહી હોય તો તે એકમ સામે તાત્કાલિક ગુનો નોંધવા માટેની કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. આ સૂચનાનો તાત્કાલિક ધોરણે અમલ કરવાના પણ આદેશ આપવામાં આવ્યા છે.

રાજકોટ અગ્નિકાંડ બાદ સરકારે એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમઝોનની મંજૂરી માટે નવા નિયમો બનાવ્યા છે તે અનુસાર એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમઝોન, બાટિંગ તેમજ રોપ-વેની મંજૂરી માટે નવા નિયમો બનશે. એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમઝોન માટે બે પ્રકારનાં સર્ટિફિકેટ જારી કરાશે. તેમજ તમામ એકમો માટે પ્રાથમિક અને કાયમી એમ ૨ પ્રકારનાં સર્ટિફિકેટ લેવા ફરજિયાત બનશે. કાયમી અને હંગામી બાંધકામ માટે અલગ અલગ સર્ટિફિકેટ લેવાં ફરજિયાત કરવામાં આવશે. નવી વેબસાઈટનું ગૃહ, મહેસૂલ, ટાઉન સહિતના વિભાગોની વેબસાઈટ સાથે જોડાણ હશે. તમામ એકમોની ઓનલાઈન મંજૂરી, સ્થળ તપાસ અને સર્ટિફિકેટ વેબસાઈટ પર અધિકારીઓ જોઈ શકશે તેમજ આગામી એક મહિનામાં નવા નિયમો અને સર્ટિફિકેટને લઈ વેબસાઈટની કામગીરી પૂર્ણ કરાશે. હાલ તો સરકારે આ તમામ ગેમ ઝોન સામે સીલીંગ બાદ પોલીસ કેસની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

## પાન - આધારકાર્ડ લિંક નહી હોય તો ડબલ ટીડીએસ કપાશે

નવી દિલ્હી, તા.૨૯

આવકવેરા વિભાગે કરદાતાઓને ઉંચા દરે ટેકસ કપાતથી બચવા માટે ૩૧ મે સુધી પાનકાર્ડને આધારકાર્ડથી જોડવાની સલાહ આપી છે. આવકવેરા નિયમ મુજબ પાન નંબર બાયોમેટ્રીક આધાર સાથે જોડાયેલો નહીં હોય તો લાગુ દરથી ડબલ ટીડીએસ કાપવામાં આવશે. ઈ-પોર્ટલ પર તેની પૂરી કાર્યવાહી છે અને રીટર્ન ફાઈલ કરવાની છેલ્લી તા. ૩૧ જુલાઈ છે.

ડિપાર્ટમેન્ટે આ અંગે ગત મહિને એક પરિપત્ર જાહેર કર્યો હતો. તેમાં જણાવાયું હતું કે, જો તા.૩૧ મે સુધીમાં બંને કાર્ડ લીંકઅપ નહીં કરાયા હોય તો ૩૧ મે સુધીમાં કરી લેવા, અન્યથા ઉંચા દરે ટેકસ ભરવો પડશે. ટવીટર પર આ માહિતી મૂકવામાં આવી છે.

## પીએમજય યોજનામાં આયુર્વેદિક સારવાર શામેલ કરાશે

નવી દિલ્હી, તા. ૨૯

પરંપરાગત સારવાર પધ્ધતિ એટલે કે આયુષ થેરેપીમાં વીમાની મર્યાદા હોવાના કારણે તેના પ્રચાર અને પ્રસારમાં અવરોધ આવે છે. તેનો રસ્તો કાઢવા માટે આયુષ મંત્રાલય અને વીમા કંપનીઓ સાથે મળીને વીમા યોજનાઓનો વિસ્તાર વધારવા માટે ઝડપથી કામ કરવા લાગ્યા છે.

આ કાર્યવાહી સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે વીમા યોજનાનો વ્યાપ વધારવા માટે આયુષના વધુમાં વધુ પેકેજમાં કેશલેસ સારવારની સુવિધા મળવા લાગશે. સાથે જ આયુષ સારવારને વડાપ્રધાન જનઆરોગ્ય યોજનામાં સામેલ કરવાનું કામ પણ અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આયુષ સારવારને સ્વાસ્થ્ય વીમા કવર અંતર્ગત લાવવા માટે તાજેતરમાં એક બેઠક મળી હતી. તેમાં ઈરડાના વીમા નિયામક આયુષ હોસ્પિટલો, વીમા ક્ષેત્રના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આયુષ ક્ષેત્રમાં વીમા કવરેજ વધારવા અને સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટના ધોરણો નકકી કરવા પર ચર્ચા થઈ હતી.

## રાજકોટ અગ્નીકાંડ બાબતે

# સીટનો રીપોર્ટ સરકારને સુપ્રત : સવારથી બેઠકોનો દોર શરૂ : કડાકા-ભડાકા થશે

ગાંધીનગર તા. ૨૯

સમગ્ર રાજયમાં ગેમ ઝોન સહિતના મનોરંજન સ્થળો અને જાહેર સ્થળોએ ફાયર એનઓસીની ચકાસણી શરૂ થઈ ગઈ છે ત્યારે ગઈકાલે આ ઘટનાની પ્રાથમિક તપાસનો રીપોર્ટ 'સીટ' દ્વારા સરકારને સોંપી દેવામાં આવ્યો છે. તેમાં પોલીસની ઘોર બેદરકારીનો ઉલ્લેખ હોવાનો માનવામાં આવે છે. તે બાદ આજે ગૃહમંત્રી અને સીટની ટીમ વચ્ચે મીટીંગ શરૂ થઈ ગઈ છે.


રાજકોટ ગેમ ઝોન દુર્ઘટનાને પગલે રાજયભરમાં આવેલા અલગ-અલગ ગેમ ઝોન પર તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ અંતર્ગત જે તે ગેમ ઝોન દ્વારા ફાયર સેફટી સહિતના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું છે કે નહીં એ વાતની ચકાસણી કરવામાં આવી હતી.

તપાસમાં ઘણી જગ્યાએ સામે આવ્યું હતું કે ગેમ ઝોન માલિકો દ્વારા નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતુ તેવા ગેમ ઝોનને સીલ કરી દેવાયા છે. તો બીજા કેટલાક જયાં નિયમોનું પાલન થયું હતું તે ગેમ ઝોનને પણ નવો આદેશ ન મળે ત્યાં સુધી હંગામી ધોરણે બંધ કરાવાયા છે. રાજ્યના તમામ મહાનગરોમા આવેલા ગેમ ઝોનની તપાસ પૂર્ણ થઈ છે.

રાજ્યના ૮ મહાનગરોમાં કુલ ૧૦૧ ગેમ ઝોનની તપાસનો રીપોર્ટ રાજ્ય સરકારને સોંપાયો છે. ૧૦૧ ગેમ ઝોન પૈકી ૨૦ ગેમ ઝોન સીલ કરવામાં આવ્યા છે, અને ૮૧ ગેમ ઝોન હંગામી ધોરણે બંધ કરાવાયા છે.

સૌથી વધુ અમદાવાદ શહેરમાં ૩૪ ગેમ ઝોન પૈકી પાંચ સીલ કરી દેવાયા છે અને ૨૯ ગેમ ઝોન હંગામી ધોરણે બંધ કરાવાયા છે. રાજકોટ શહેરમા ૧૨ ગેમ ઝોન પૈકી ૮ સીલ કરાયા છે, તો ૪ હંગામી ધોરણે બંધ કરાવાયા છે.

# ઉત્તર અને મધ્ય ભારતમાં ભયાનક ગરમીનો પ્રકોપ ૧૦ શહેરોમાં તાપમાન ૫૦ ડીગ્રીને સ્પર્શી ગયું



નવી દિલ્હી, તા. ૨૯

ચાલુ વર્ષે ગરમી અને હિટવેવે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. માત્ર રાજસ્થાન નહીં પરંતુ દિલ્હી અને હરિયાણામાં પણ તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને વટાવી જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. દિલ્હીમાં આકાશમાંથી અગ્નિ વર્ષા થતી હોય હિટસ્ટ્રોકના કેસ પણ વધી ગયા છે. દરમ્યાન જુન મહિનામાં રાજધાનીમાં ભારે પવન સાથે વરસાદ થવાની આશા હવામાન વિભાગે જાહેર કરી છે. જોકે આઈએમડીએ તા.૩૦ મેના રોજ દિલ્હીમાં હિટવેવનું એલર્ટ જાહેર કર્યુ છે. તો રાજસ્થાનના ચુરૂમાં ગઈકાલે તાપમાન ૫૦.૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. રાજસ્થાનના ચુરૂમાં તાપમાને ફિફટી લગાવ્યા બાદ હરિયાણાના સીરસામાં પણ પારો ૫૦ ડિગ્રીને સ્પર્શી કરી ગયો હતો. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર, પંજાબ, છત્તીસગઢ, ઓરીસ્સામાં તાપમાન ૪૭થી ૪૯ ડિગ્રી ઉપર નોંધાયું હતું. તો પૂર્વોતર રાજયોમાં વરસાદ પડી રહ્યો છે. ઉત્તર અને મધ્ય ભારતમાં પ્રચંડ ગરમીનું મોજુ હજુ ફરી રહ્યું છે. ૧૪ વર્ષમાં પહેલી વખત ૨૮ મેનો દિવસ દિલ્હીમાં આટલો ગરમ રહ્યો છે. શહેરમાં પાણીની મુશ્કેલી વધી ગઈ છે. જલમંત્રીએ જે વિસ્તારમાં હાલ દિવસમાં બે વાર પાણી આપવામાં આવે છે ત્યાં એકવાર અપાશે તેવું જાહેર કર્યુ છે. દિલ્હી રાજયના મુંગેશપુર અને નરેલામાં સૌથી વધુ ૪૯.૯ ડિગ્રી નોંધાયુ હતું. આ બાદ નફઝગઢમાં ૪૯.૮, ઝાફરપુરમાં ૪૯.૬, પુષા ૪૯.૫, આયાનગર ૪૯.૬ અને રિજમાં ૪૯.૫ પર પારો નોંધાયો હતો. ન્યુનતમ તાપમાન ૨૮ ડિગ્રી આસપાસ રહે છે. ગુરૂગ્રામમાં મંગળવારે ૪૭ ડિગ્રી રેકોર્ડ તાપમાન નોંધાયુ હતું. અહીં ૮૦ વર્ષનો રેકોર્ડ ગરમીએ તોડયો છે. આ પહેલા ૧૯૪૪માં પારો ૪૭.૨ ડિગ્રીએ પહોંચ્યો હતો. ઉતરપ્રદેશમાં હિટ સ્ટ્રોકથી ગઈકાલે વધુ ૪૮ લોકોના મોત થયા છે. ઝાંસી અને બાંદામાં ૪૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

# જીએસટીમાં ૧૨ ટકાનો સ્લેબ હટાવવા તૈયારી : ત્રણ સ્લેબ રહેશે

નવી દિલ્હી,તા.૨૯

લોકસભા ચૂંટણીની આચાર સંહિતાના કારણે જીએસટી સહિતના ક્ષેત્રો માટેના નીતિ વિષયક નિર્ણયો અટકયા હતા. પરંતુ નવી સરકારનાં ગઠન પછી મહત્વનાં ફેંસલા લેવા માટેની તૈયારી શરૂ થઈ ગઈ છે. જીએસટી કાયદામાં વર્તમાન ચાર ટેકસ સ્લેબ ઘટાડીને ત્રણ કરવાનો તખ્તો તૈયાર થયો છે.૧૨ ટકાનો ટેકસ સ્લેબ હટાવવામાં આવે તેવી સંભાવના છે.

આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે જીએસટી કાઉન્સીલ હેઠળની ડીપાર્ટમેન્ટ કમીટી દ્વારા જીએસટી દર સરળ બનાવવાની દિશામાં કવાયત શરૂ કરી દેવામાં આવી છે.કેન્દ્ર તથા રાજયોનાં અધિકારીઓની બનેલી આ કમીટી ૧૨ ટકાનો ટેકસ સ્લેબ રદ કરવાની ભલામણ કરી શકે છે. આ પ્રક્રિયા કરવામાં આવે તો પણ સરકારને જીએસટી આવકમાં કોઈ ફેર ન પડે અને નિર્ણય રેવન્યુ ન્યુટ્રલ બની રહે તે પ્રકારની કવાયત છે. વન નેશન વન ટેકસનાં ઉદેશ સાથે દેશમાં લાગુ થયેલા જીએસટી માળખાને પાંચ વર્ષ કરતાં વધુનો સમય થઈ જ ગયો છે અને ચાલુ નાણાંકીય વર્ષમાં તેમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવાની તૈયારી છે જ અને તેનાં ભાગરૂપે ટેકસ સ્લેબ ૪ માંથી ઘટાડીને ૩ કરવાની કવાયત છે. જીએસટી કાયદામાં હાલ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા તથા ૨૮ ટકાનો ટેકસ સ્લેબ છે. સોના જેવી કિંમતી વસ્તુઓ માટે ૩ ટકાનો એક વધારાનો સ્લેબ છે. જીએસટી લાગુ થયાને લાંબો સમય થઈ ગયો હોવા છતાં સીસ્ટમ ફુલપ્રુફ બની શકી નથી અને કરોડોની ટેકસ ચોરીના કેસો વખતો વખત પ્રકાશમાં આવતા જ રહે છે.

# બ્રિટીશ વૈજ્ઞાનિકે કોરોના જેવી મહામારી આવવાની ચેતવણી આપી : વિશ્વ તૈયાર રહે

લંડન તા. ૨૯ : કોરોના બાદ વિશ્વમાં વધુ એક રોગચાળો આવવાની તૈયારીમાં છે. બ્રિટિશ વૈજ્ઞાનિકોએ આ અંગે ચેતવણી જાહેર કરી છે. વૈજ્ઞાનિકે કહ્યું છે કે આવનારી સરકારે આ તરફ ધ્યાન આપવું જોઈએ. વૈજ્ઞાનિકે એમ પણ કહ્યું કે વિશ્વ હજુ આ પ્રકારની મહામારીનો સામનો કરવા માટે તૈયાર નથી. તેના માટે હવેથી તૈયારી શરૂ કરવી વધુ સારૂં રહેશે. આ માહિતી બ્રિટિશ મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી છે.

બ્રિટિશ વૈજ્ઞાનિક પેટ્રિક વેલેન્સે એક કાર્યક્રમમાં આ મહામારીને લઈને સાવધાન રહેવાની ચેતવણી આપી છે. પેટ્રિક વેલેન્સ બ્રિટિશ સરકારના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર રહી ચૂક્યા છે. તેમના મતે, આપણે કોરોના જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાની જરૂર છે. બ્રિટિશ વેબસાઈટ 'ધ ગાર્ડિયન'માં છપાયેલા અહેવાલ અનુસાર, પેટ્રિકે કહ્યું છે કે જે રીતે દવાઓ, રસી અને સારવારના કારણે કોરોનાને રોકવું શક્ય હતું, તેવી જ રીતે આવનારી મહામારીનો સામનો કરવા માટે પણ તૈયારીઓ કરવી પડશે. તેમણે કહ્યું કે આપણે જોખમોને વહેલી તકે શોધી કાઢવા માટે વધુ સારી દેખરેખ પદ્ધતિ સ્થાપિત કરવાની જરૂર છે. પેટ્રિક વેલેન્સ કોરોના દરમિયાન કડક પગલાં લેવા માટે જાણીતા છે.

## મધ્યપ્રદેશનાં છિંદવાડામાં બનેલી ઘટનાથી હાહાકાર

# આદિવાસી યુવકે પરીવારનાં ૮ સભ્યોને કુહાડીથી રહેંસી નાખી પોતે પણ આત્મહત્યા કરી લીધી

છિંદવાડા તા. ૨૯

મધ્યપ્રદેશના છિંદવાડામાં એક યુવકે તેના પરિવારના ૮ સભ્યોની હત્યા કરીને પોતે પણ ગળાફાંસો ખાધો છે. આરોપીએ પહેલા તેની પત્નીને કુહાડીથી રહેસી નાંખી હતી, પછી તેની માતા-બહેન, ભાઈ-ભાભી અને બે ભત્રીજી અને ભત્રીજાની હત્યા કરી. કાકાના ઘરે ગયા બાદ તેણે ૧૦ વર્ષના બાળક પર પણ હુમલો કર્યો હતો, પરંતુ તે જીવ બચાવીને ભાગી ગયો હતો. આ પછી લોકોએ પોલીસને જાણ કરી હતી.

આ ઘટના તામિયા તહસીલના માહુલઝિર પોલીસ સ્ટેશનના બોદલ કછાર ગામમાં બની હતી. ગઈ રાત્રે ૨.૩૦ વાગ્યે, આરોપીએ તેની પત્ની (૨૩), માતા (૫૫), ભાઈ (૩૫), ભાભી (૩૦), બહેન (૧૬), ભત્રીજો (૫), બે ભત્રીજી (૪ અને દોઢ વર્ષ)ની હત્યા કરી નાખી. ઘટના બાદ ગામના લોકોમાં ભયનો માહોલ છે. ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

એસપી મનીષ ખત્રીના જણાવ્યા અનુસાર, આરોપીના લગ્ન ૨૧ મેના રોજ જ થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આરોપીની માનસિક સ્થિતિ સારી નથી. ભૂતકાળમાં હૌશંગાબાદમાં પણ તેની સારવાર કરાઈ હતી. પોલીસને સવારે ૩ વાગ્યે ઘટનાની માહિતી મળી હતી. નજીકના પોલીસ સ્ટેશનની પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઘરમાં લાશો પડી હતી, આરોપીની લાશ થોડે દૂર ઝાડ પર લટકતી હતી.

બોદલ કછાર એક આદિવાસી પ્રભુત્વ ધરાવતું ગામ છે. આરોપી દિનેશનું ઘર ગામની એક તરફ છે. લોકોનો વસવાટ ઓછો છે. પરિવારના તમામ સભ્યોની હત્યા કર્યા બાદ તે મોટાબાપાના ઘરે પહોંચ્યો હતો.

મોટાબાપાનું ઘર તેના ઘરથી ૫૦ મીટર દૂર છે. અહીં તેણે ૧૦ વર્ષના બાળક પર હુમલો કર્યો, કુહાડી બાળકના જડબા પર વાગી હતી. આ દરમિયાન તેની દાદીએ આવીને બૂમાબૂમ કરી અને આરોપી ભાગી ગયો. આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. એસપીના જણાવ્યા અનુસાર પોલીસે જંગલમાં શોધખોળ કરી હતી.

## જૂનાગઢ શહેરમાં આવેલી બહુમાળી બિલ્ડીંગો, શાળા-કોલેજો, હોસ્પીટલો પૈકી ૯૦ ટકા પાસે ફાયર એનઓસી નથી

જૂનાગઢ તા. ૨૯ રાજય સરકારે ફાયર એનઓસીની તપાસ કરવાનાં આદેશને પગલે જૂનાગઢ શહેરમાં આવેલી બહુમાળી બિલ્ડીંગો, શાળા-કોલેજો, હોસ્પીટલો, હોટલો, રેસ્ટોરન્ટમાં ફાયર એનઓસીની ચકાસણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે આધારભૂત સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢ શહેરમાં આવેલી ૯૦ ટકા જેટલી બહુમાળી બિલ્ડીંગો, શાળા-કોલેજો, હોસ્પીટલો પાસે ફાયર એનઓસી નથી. સરકારે ગુનો નોંધવાનો આદેશ કર્યો હોય, શાળા-કોલેજ સંચાલકો, હોસ્પીટલ સંચાલકો, બિલ્ડરો દોડતા થઈ ગયા છે અને તત્કાલ ફાયર સીસ્ટમ કાર્યરત કરવાની કાર્યવાહી કરી રહયા છે. તેટલું જ નહી સુત્રોએ જણાવ્યું છે કે જૂનાગઢ મનપા વિસ્તારમાં કેટલાક કિસ્સામાં બોગસ એનઓસી હોવાનું પણ બહાર આવ્યું છે ત્યારે તંત્ર હવે કેવી કાર્યવાહી કરે છે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે.


**શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે**

એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ, ૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે.

સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૪) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો

મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

સોરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**વિશ્વાસપાત્ર બિયારણ**
મેળવવાનું એકમાત્ર સ્થળ

● શાકભાજી બિયારણો ● દિવેલા
● ઘાસચારા બિજ ● મગ
● સોયાબિન ● અડદ
● કપાસ ● ડુંગળી બિજ
● તુવેર ● ગાજર બિયારણ

**જલારામ એગ્રો સેન્ટર - જૂનાગઢ**

ધ્રુવ ચેમ્બર્સ, હોટલ આનંદ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ. સંપર્ક : ૯૭૧૪૦ ૪૬૨૦૬
(ફોન કરવાનો સમય : સવારે ૯ થી સાંજે ૭)

સોરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ડોબરીયા બાળકોની હોસ્પીટલ તથા**



નવજાત શિશુ સારવાર કેન્દ્ર

ડો. હરેશ એમ. ડોબરીયા
M.D. (PAED.)

ન્યુ સંકલ્પ કોમ્પલેક્ષ
પહેલા માળે, બસ સ્ટેશન રોડ,
ડો. ચિખલીયાની હોસ્પીટલ સામે, જૂનાગઢ
ફોનઃ હો. (૦૨૮૫) ૨૬૩૦૨૭૭


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# ગરવા ગિરનાર ઉપર આંધી સાથે ભારે પવન ફુંકાતા રોપવે સેવા આજે પણ બંધ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર પર્વત ઉપર આજે આંધી સાથે ભારે પવન ફુંકાયો છે અને જેને લઈને આજે પણ રોપવે સેવા બંધ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આજે સવારથી જ જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં હવામાનમાં પલ્ટો તેમજ વાદળ છાયું વાતાવરણ સવારના ભાગે સર્જાયું હતું. આ સાથે જ ગરવા ગિરનાર ઉપર પણ ભારે પવન ફુંકાયો હતો. ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજી તેમજ ભગવાન ગુરૂ દત્તાત્રેયના દર્શને યાત્રિકોનો સતત પ્રવાહ રહેતો હોય છે અને રોપવેના માધ્યમથી આ ધાર્મિક સ્થળોએ લોકો દર્શનાર્થે જતા હોય છે. દરમ્યાન આજે આંધી સાથે ભારે પવન ફુંકાવાના કારણે રોપવે સેવા બંધ રાખવાની ફરજ પડી હતી. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢમાં છાયા બજારમાં બેકાબુ કારે અનેક વાહનોને ઉડાડયા : દોડધામ મચી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરની છાયા બજારમાં અચાનક એક બેકાબુ કાર ચાલકે આઠથી દશ વાહનોને ટક્કર મારતા બે લોકો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સાંકડી ગલી હોય અને બજારમાં લોકોની સતત અવર-જવર હોવાને લીધે મોટા વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવી રસ્તો એક માર્ગીય કરવા વેપારીઓએ માંગ કરી છે. પોલીસે ઘટનાને પગલે સ્થળ ઉપરથી કાર ચાલકને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરના અતિ ગીચ વિસ્તાર ધરાવતા છાયા બજાર વિસ્તારમાં એક બેકાબુ કાર ઘુસી જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. કાર ચાલકે બેફિકરાયથી હંકારતા રસ્તામાં આઠથી દશ જેટલા વાહનોને હડફેટે લીધા અને બે લોકોને ઈજા પહોંચાડતા હોસ્પિટલે ખસેડવાની ફરજ પડી હતી. આ બનાવને પગલે પોલીસે કાર ચાલકને ઝડપી પાડી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. દરમ્યાન આ વિસ્તારમાં બજારમાં મહિલાઓ અને બાળકો સાથે પરિવાર ખરીદી કરવા આવતો હોય અને સતત અવર-જવર રહેતી હોય તેવી આ બજારમાં આવી ઘટના બનતા લોકોએ ભારે રોષ વ્યકત કર્યો હતો. દરમ્યાન મોડેથી પ્રાપ્ત થતા અહેવાલ અનુસાર ગઈકાલનાં બનાવ અંગે સમાધાન થયું હોવાનું જાણવા મળે છે. વધુમાં લોકોમાં આ બનાવથી તીવ્ર રોષની લાગણી ફેલાયેલી છે અને એટલું જ નહી શહેરના વિવિધ વિસ્તારોમાં અવાર-નવાર બનતા આવા બનાવો ફરીવાર ન બને તે માટે કડક કાર્યવાહીની પણ માંગણી કરવામાં આવી રહી છે અને મોટા વાહનો ઉપર પ્રતિબંધ મુકવાની માંગણી કરવામાં આવી છે.

# જૂનાગઢ શહેરમાં આવેલ મોટાભાગની હોટલ અને રેસ્ટોરન્ટમાં ફાયર એનઓસી અને એકઝીટગેટ જ નથી !


## હોટલ અને રેસ્ટોરન્ટમાં વર્તમાન નિયમોનુસાર ફાયર સીસ્ટમ જરૂરી તંત્રએ પણ ફાયર સીસ્ટમ વસાવવા માટે સમય આપવો પડશે

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેરમાં ધમધમી રહેલી રેસ્ટોરન્ટ અને હોટલોમાં નિયમોનું કોઈ પાલન ન થતું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. એટલું જ નહી ફાયર એનઓસી તેમજ એકઝીટ ગેટની પણ કોઈ વ્યવસ્થા ન હોવાનું જણાઈ રહયું છે. આ સાથે જ ઘણા વર્ષોથી ચાલતી રેસ્ટોરન્ટ અને હોટલોમાં પણ હાલનાં નિયમો અનુસાર જો કોઈ વ્યવસ્થા ન હોય તો તેવી ફાયર સીસ્ટમ ઉભી કરવાનો સમય તંત્ર દ્વારા સમય આપી અને પોઝીટીવ વલણ દાખવવું પડશે.

રાજકોટ ખાતે તાજેતરમાં સર્જાયેલી ગેમઝોન દુર્ઘટના બાદ જૂનાગઢ મનપા તંત્ર એકશન મોડમાં આવી ગયું છે અને ઉચ્ચકક્ષાનાં આદેશોનો જાણે અમલવારી કરવામાં આવી રહી હોય તે અનુસાર શહેરમાં આવેલા મોલ, સિનેમા, જાહેર સ્થળો, બહુમાળી બિલ્ડીંગો વગેરેમાં ફાયર એનઓસીની તપાસ કરવામાં આવી રહી છે. અને ક્ષતિઓ જયાં બહાર આવી છે તેની સામે સીલ મારવા સહીતની કાર્યવાહી કરવામાં આવી છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં આવેલી રેસ્ટોરન્ટ અને હોટલોમાં પણ ફાયર એનઓસી ન હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત જુના સમયની ચાલતી રેસ્ટોરન્ટ અને હોટલોમાં એકઝીટ ગેટની પણ નહી હોવાનું જાણવા મળે છે. વર્ષો પહેલા જે તે સમયે જે નિયમો અનુસાર રેસ્ટોરન્ટ અને હોટલો ચાલુ કરવામાં આવેલ હોય તેવી મોટાભાગની આ હોટલો અને રેસ્ટોરન્ટોમાં આ જ સ્થિતિ છે અને જેને કારણે ઘણી હોટલ અને રેસ્ટોરન્ટમાં ફાયર એનઓસીનાં પ્રશ્નો તેમજ એકઝીટ ગેટનાં પ્રશ્નો છે. પરંતુ તેની સામે તંત્ર દ્વારા પણ સમય આપવાનું પોઝીટીવ વલણ દાખવવું પડશે અને હાલનાં એટલે કે વર્તમાન સમયમાં જે નિયમો રેસ્ટોરન્ટ અને હોટલ માટેનાં છે તેને અનુરૂપ ફાયર સીસ્ટમ વ્યવસ્થા ઉભી કરવા માટેનો સમય પણ આવી રેસ્ટોરન્ટ અને હોટલ સંચાલકોને આપવો પડશે તેવી લાગણી પ્રવર્તી રહી છે.

# જૂનાગઢમાં ગાંધીગ્રામ ખાતે આવેલ ચોકસી વચ્છરાજ મકનજી એન્ડ કંપની ખાતે રકતદાન કેમ્પ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં ગાંધીગ્રામ વિસ્તાર ખાતે આવેલ ચોકસી વચ્છરાજ મકનજી એન્ડ કંપની ખાતે તા.૨૮-૫-૨૪ને મંગળવારનાં રોજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજનાં સહયોગ સાથે આ કેમ્પ યોજવામાં આવેલ હતો. રકતદાન મહાદાન એ કહેવત અહીં સાર્થક થતી હોય તે મુજબ સીવીએમ ખાતે યોજાયેલા આ કેમપમાં ૧૦૦ બોટલ જેટલું રકત એકત થઈ ગયું હતુ અને આ રકતનાં કારણે ઘણી માનવ જીંદગીઓ બુઝાતી અટકશે અને ઘણાં લોકોને નવી જીંદગી મળશે. આ કેમ્પમાં ૧૦૦ બોટલ રક્તની એકત્રિત કરણ કરવામાં આવેલ હતી. અને આ તમામ રકતની બોટલ જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં આવતા થેલેસેમીયા ગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ અને જરૂરિયાતમંદ વ્યકિતઓને આપવા કરવા માટે અર્પણ આવેલ હતી. આ તકે મેડીકલ કોલેજનાં ડોકટર તેમજ સ્ટાફે આવી જ રીતે સમાજમાં જાગૃતતાં ફેલાય અને રકતદાન કેમ્પ યોજાતાં રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ રકતદાન કેમ્પમાં સીવીએમ કંપનીના તમામ એમ્પલોય અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી અને આ કેમ્પને સફળ બનાવ્યો હતો તેમજ ગિરનારી ગ્રુપ દ્વારા પણ સહયોગ આપવામાં આવેલ હતો તેમ રોહિત અપારનાથીની એક યાદીમાં જણાવેલ હતું.

## વીડિયો થયો વાયરલ

# ભારતીય સૈનિકોએ 'ટગ ઓફ વોર'માં ચીની સૈનિકોને હરાવ્યા

નવી દિલ્હી, તા.૨૯

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ હંમેશા મોટો મુદ્દો રહ્યો છે. દરરોજ વિપક્ષ આ અંગે સરકારને ઘેરી રહ્યો છે. આ બધાની વચ્ચે ભારતીય સેનાના જવાનોએ ટગ ઓફ વોરમાં ચીની સૈનિકોને આસાનીથી હાર આપી હતી. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હકીકતમાં, સંયુક્ત રાષ્ટ્ર પીસ કીપિંગ મિશન હેઠળ આફ્રિકાના સુદાનમાં તૈનાતી દરમિયાન ભારતીય સૈનિકો અને ચીની સૈનિકો વચ્ચે રમતગમતની સ્પર્ધા યોજાઈ હતી.મંગળવારે માહિતી આપતાં સેનાના એક અધિકારીએ કહ્યું કે, બંને દેશોના સૈનિકો ટગ ઓફ વોરમાં સામસામે હતા. બંને દેશોના સૈનિકો વચ્ચે આ ખૂબ જ રોમાંચક સ્પર્ધા હતી. જેમાં ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોને હરાવ્યા હતા. આ દરમિયાન સમગ્ર રમતની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી.

જેમાં ભારતીય સૈનિકો જીત બાદ જશ્ન મનાવતા જોવા મળે છે. વીડિયો વાયરલ થયા બાદ ભારતીયો પણ ગર્વ અનુભવી રહ્યા છે.તમને જણાવી દઈએ કે યુનાઈટેડ નેશન્સ પીસ કીપિંગ મિશનનો ઉદ્દેશ્ય યુદ્ધ પ્રભાવિત દેશોમાં ટકાઉ સુરક્ષા અને શાંતિ સ્થાપિત કરવાનો છે. શીત યુદ્ધના સમયથી, સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા મિશનની રચના ઝડપથી દુશ્મનાવટનો અંત લાવવા, નાગરિકોનું રક્ષણ કરવા અને લાંબા ગાળાની શાંતિ અને સુરક્ષાને ટેકો આપવા માટે કરવામાં આવી છે. આ માટે શાંતિ કરાર લાગુ કરવા માટે લશ્કરી કાર્યવાહી અને મુત્સદ્દીગીરીની જરૂર છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોના સૈનિકો, પોલીસ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. તેઓ એવા વિસ્તારોમાં તૈનાત છે જયાં અન્ય કોઈ દેશ કે સંગઠન શાંતિ સ્થાપી શકતું નથી.

## ૧૪૮ મુસાફરોના શ્વાસ ગળામાં અટવાઈ ગયા

# વિમાન ઉડવાની તૈયારીમાં હતું ત્યારે એન્જિનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો

નવી દિલ્હી, તા.૨૯

યુનાઈટેડ એરલાઈન્સની એક ફલાઈટ સોમવારે બપોરે ટેક ઓફ કરવા માટે તૈયાર હતી પરંતુ છેલ્લી ઘડીએ આગ લાગવાને કારણે ફલાઈટને તેનું ટેકઓફ કેન્સલ કરવું પડ્યું હતું. શિકાગોના ઓ'હર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફલાઈટ ટેક ઓફ કરવા માટે તૈયાર હતી. ત્યારે અચાનક તેની એક પાંખમાંથી ગાઢ કાળો ધુમાડો નીકળવા લાગ્યો.આ ઘટના યુનાઈટેડ ફલાઈટ **2091**, એરબસ **320** પર બની હતી, જે સિએટલથી ઉડાન ભરવાની હતી. વિમાન ટેકસીવે પર ઉડવાની તૈયારી કરી રહ્યું હતું ત્યારે એન્જિનમાં આગ લાગી હતી. એરક્રાફટમાં અચાનક થયેલી આ ગરબડને કારણે ફલાઈટ ક્રૂ અને એરપોર્ટ ઈમરજન્સી સર્વિસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.તે સમયે, પ્લેનમાં કુલ **148** મુસાફરો અને પાંચ ક્રૂ મેમ્બર હતા. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન **(FAA)** અને યુનાઈટેડ એરલાઈન્સે આ ઘટના અંગે માહિતી આપતા નિવેદનો જારી કર્યા છે. પ્લેનને પાછા ગેટ પર લઈ જવામાં આવ્યું હતુ અને તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.પ્લેનના એક મુસાફર ઈવાન પાલોઆલ્ટોએ લીધેલા ફૂટેજમાં એક પાંખમાંથી ગાઢ કાળો ધુમાડો નીકળતો દેખાય છે. તેણે જણાવ્યું કે પ્લેન ટેક ઓફ કરવા જઈ રહ્યું હતું કે તરત જ વિસ્ફોટનો અવાજ સંભળાયો. "મને મારી બારી પર અસર અનુભવાઈ," તેણે કહ્યું. મેં બહાર જોયું તો એન્જિનમાં આગ લાગી હતી અને ધુમાડો નીકળી રહ્યો હતો.

આગની જાણ થતાં, **FAA** એ અમેરિકાના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક **O'Hare** એરપોર્ટ પર અસ્થાયી રૂપે ફલાઈટ્સ અટકાવી દીધી હતી. નિયમિત કામગીરી થોડા સમય પછી ફરી શરૂ થઈ, વધુ વિક્ષેપો ઘટાડીને.

# સોમનાથના જુના મ્યુઝીયમ પાછળથી દિપડો પકડાયો



જૂનાગઢ તા.૨૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર પાસે જ આવેલ જુના મ્યુઝયમ પાછળ દિપડો આવતો હોવાનું અવાર-નવાર જાણવા મળતા વેરાવળ રેન્જ ફોરેસ્ટ અધિકારીએ દિપડાને પકડવા પાંજરૂ ગોઠવેલ જેમાં આજે સવારે દિપડો પાંજરે પુરાયો વન વિભાગ અધિકારી કે.ડી. પંપાણીયા તથા સ્ટાફે આ સમગ્ર કામગીરી પાર પાડી દિપડાને અમરાપુર એનીમલ કેર સેન્ટર રવાના કરાયો છે. આ વખતે અદ્યતન ટેકનોલોજીનું પાંજરૂ મુકાયેલ જેનો કારણે દિપડો પાંજરામાં કેદ થવા છતાં બકરાનો જીવ બચી ગયેલ છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ઉત્સવ દિપકભાઈ ઉનડકટ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ઉત્સવ દિપકકુમાર ઉનડકટ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**ઉત્સવ દિપકકુમાર ઉનડકટ**
બી-૫૦૧, વ્હાઈટ રોઝ એપા. આર્યન એન્કલવ રેસીડેન્સી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **વર્ષા ધીરેનકુમાર મીઠાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વર્ષાબેન ધીરેનભાઈ મીઠાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**વર્ષાબેન ધીરેનભાઈ મીઠાણી**
૬ સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હીરા પ્રદિપકુમાર રૂપારેલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હીરાગૌરી પ્રદિપકુમાર રૂપારેલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**હીરાગૌરી પ્રદિપકુમાર રૂપારેલીયા**
એ-૪૦૧, નોબલ પ્લેટીનીયમ, રાયજીબાગ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ધીરેનકુમાર તારાચંદ મીઠાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ધીરેનભાઈ તારાચંદ મીઠાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**ધીરેનભાઈ તારાચંદ મીઠાણી**
૬ સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧


જાહેર કેવિયેટની પબ્લિક નોટિસ
જુનાગઢના નામદાર સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,
કેવિયેટ અરજી નં. /૨૦૨૪

મહાનગરપાલિકા-જુનાગઢ.
મ્યુ-કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા કચેરી,
આઝાદ ચોક, જુનાગઢ ... કેવિયેટર

વિરૂધ્ધ

ભારતના કોઈ પણ નાગરિકશ્રી ... સામાવાળા

બાબત :- સી.પી.સી. કલમ-૧૪૮-એ હેઠળ જાહેર પબ્લિક કેવિયેટ.

અરજદારની માનસર અરજ છે કે,

જુનાગઢ મહાનગરપાલિકાના મંજુર થયેલ સેટ-અપ પૈકી સ્ટેશન ફાયર ઓફીસર વર્ગ-૩ની એક જગ્યા, સબ-ફાયર ઓફીસર વર્ગ-૩ની બે જગ્યા, ડ્રાઈવર કમ પંપ ઓપરેટર (ફાયર) વર્ગ-૩ની સાત જગ્યા તથા ફાયરમેન વર્ગ-૪ની ચૌદ જગ્યા મળી કુલ-૨૪ જગ્યા સીધી ભરતીથી ભરવા માટે જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઈટ દ્વારા માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ માટે ઉમેદવારે https://junagadhmunicipal.org/વેબસાઈટ પર તા.૨૫/૧૧/૨૦૨૩, ૧૪:૦૦ કલાકથી તા.૧૫/૧૨/૨૦૨૩ રાત્રીના ૨૩:૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે અને તે માટેની શરતો પણ તા.૨૧/૧૧/૨૦૨૩ ના જાહેરાતમાં દર્શાવવામાં આવેલ છે. સદર સીધી ભરતી અંગેની જાહેરાત-૨૦૨૩ પ્રસિધ્ધ થયેલ છે, તેમાં ફોર્મ ભરવાના સંદર્ભમાં ઉમેદવારો માટેના હેલ્પ લાઈન નંબર ૮૯૨૯૦ ૧૩૧૦૧ દર્શાવેલ છે તથા ઈ-મેઈલ હેલ્પલાઈન support@registernow.in પણ દર્શાવેલ છે. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ઉમેદવાર જે કેટેગરીમાં સમાવેશ કરવા માંગણી કરી શકે તે બાબતને પણ શરતમાં દર્શાવેલ છે અને કેટલી જગ્યા,કયા હેતુ માટે અને બિનઅનામત,અનામત,અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ વિગેરે બાબતો પણ દર્શાવેલ છે. જાહેર હીતની ભરતીની કાર્યવાહી અટકાવવા કે વિઘ્ન ઉપસ્થિત કરવા કોઈ પણ નાગરિક નામદાર કોર્ટમાં દાવો કરી મનાઈહુકમ મેળવવા પ્રયાસ કરે તેવી સંભાવના છે.

(૨) કેવિયેટરને વ્યાજબી દહેશત છે કે, ભારતનાં કોઈ પણ નાગરિક નામદાર કોર્ટમાં દાવો કરી સીધી ભરતી અંગેની જાહેરાત-૨૦૨૩ સંબંધેની કાર્યવાહીમાં અડચણરૂપ બનવાના પ્રયાસ સ્વરૂપે દાવો દાખલ કરે તેવી સંભાવના હોય આ કેવિયેટની પ્રસિધ્ધિ બે દૈનિક બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં કરી કેવિયેટ કરવી જરૂરી બનેલ છે.

(૩) ઉપરની હકીકતે અરજ કરવાની કે,
કેવિયેટર વિરૂધ્ધ સીધી ભરતી અંગેની જાહેરાત -૨૦૨૩ મુજબની કાર્યવાહી અટકાવવા સંબંધે કોઈ પણ શહેરીજન કે નાગરિક દ્વારા દાવો કરવામાં આવે તો કોઈ પણ એકતરફી હુકમ કરતા પહેલા કેવિયેટરને સાંભળવા અને રજુઆત કરવાની તક આપવા અરજ છે.

(૪) આ કેવિયેટ જાહેર જનતા સંબંધે હોય દૈનિક વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધિ આ કેવિયેટની કરવામાં આવેલ છે તે વર્તમાનપત્રની કોપી આ સાથે રજુ છે.

એ જ... જુનાગઢ. તા. /૦૫/૨૦૨૪

ભુવનેશ સી. કકકડ
તે કેવિયેટરનાં વકીલ
મો. ૯૭૨૩૦ ૧૩ ૨૮૨

માહિતી/જુના/જા.ખ./૧૬/૨૪

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ડિજીટલ હોર્ટીકલ્ચર વિષય પર ચાર દિવસીય નેશનલ કોન્ફરન્સનો પ્રારંભ

## ભારતનુ બાગાયતી પાકોનુ ઉત્પાદન વર્ષ ૧૯૫૧માં ૨૫ મિલિયન ટન હતુ, જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૪ બિલિયન ટન થયું





જૂનાગઢ, તા.૨૯

એ.એસ.એમ. ફાઉન્ડેશન ન્યુ દિલ્હી તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સયુકત ઉપક્રમે "પેરાડીજીમ એન્ડ ડાયનેમિક્સ ઓફ ડીજીટલ હોર્ટીકલ્ચર ફોર ફુડ, ન્યુટ્રિશન એન્ડ એંટ્રેપ્રિન્યુયરશીપ" વિષય પર આયોજિત ચાર દિવસીય નેશનલ કોન્ફરન્સ પ્રારંભ થયો છે.

આ કોન્ફરન્સમાં આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિકશ્રીઓ, દેશની જુદા-જુદા રાજ્યોની કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓએ પ્રથમ દિવસે બાગાયત ખેતીમાં ડિજિટલ આયામો ઉપરાંત ખોરાક, પોષણ અને ઉદ્યોગ સાહસિકતાને કેન્દ્રમાં રાખી તજજ્ઞોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતી ડો.વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, આ કોન્ફરન્સના માધ્યમથી અહિના સ્થાનિક બાગાયતી પાક તેવા કેરી અને નાળયેરી ખેતિમાં રેહલા પડકારોના ઉકેલમાં એક નૂતન માર્ગદર્શન પ્રાપ્ત થશે. તેમણે કૃષિ યુનિવર્સિટીના ડિજિટલ આયામો વિશે પણ જાણકારી આપી હતી.

ભારત સરકારનાકૃષિ અને કિશાન કલ્યાણ મંત્રાલયના છઈજીમ્ના ચેરમેન ડૉ. સંજય કુમારમુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગેસ્ટ ઓફ હોનર તરીકે **NRAA** ભૂતપૂર્વ ચેરમેન **IAS** ડૉ. અશોક દલવાઈ, **ICAR**ના **DDG** ડૉ.ઉધમ સિંઘ ગૌતમ,ધાનુકા ગ્રુપના શ્રી આર.જી. અગ્રવાલ, પૂર્વ કુલપતિ એ.આર. પાઠક, અતિમસિંઘ મેમોરિયલ ફાઉન્ડેશન તેમજ કોન્ફીડરેશન ઓફ હોર્ટીકલ્ચર એસોસિયેશન ઓફ ઈન્ડીયાના ચેરમેન ડૉ. એચ.પી. સિંઘ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કોન્ફરન્સમાં ભારતનુ બાગાયતી પાકોનુ ઉત્પાદન વર્ષ૧૯૫૧માં ૨૫ મિલિયન ટન હતુ, જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૪ બિલિયન ટન થયું છે. ઉપરાંત બાગાયત ખેતિના સંદર્ભમાં રસપ્રદ વિગતો આપવામાં આવી હતી. બાગાયતી પાકોમાં આવતી સમસ્યાઓ ખાસ કરીને જળવાયુ પરીવર્તન, ઉત્પાદન, ગુણવત્તા, ભાવ વગેરે સામે ટકવા માટે તજજ્ઞોએ મહત્વપૂર્ણ તારણો રજૂ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વમાં બાગાયતી પાકોનો વ્યાપ ખુબ જ વધી રહ્યો છે. કોન્ફરન્સના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને આચાર્ય તથા ડિન ડૉ. ડિ.કે.વરૂ સહિત કૃષિ તજજ્ઞો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના ૧૨ જીલ્લાના ૨૬ ભાઈઓ અને ૧૨ બહેનોએ ખડક ચઢાણ બેઝિક કોર્સની તાલીમ પૂર્ણ કરી




જૂનાગઢ, તા.૨૯

રાજ્ય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત ખડક ચઢાણ બેઝિક કોર્સ તા. ૧૯/૫/૨૦૨૪ થી તા. ૨૮/૫/૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યો. જેમાં ૧૨ જિલ્લાના ૨૬ ભાઈઓ અને ૧૨ બહેનોએ ભાગ લીધો હતો.

તા.૨૮/૫/૨૦૨૪ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ના બેઝિક કોર્સના સમાપન કાર્યક્રમ ડી.એમ. જોષી, જિલ્લા ઉદ્યોગ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જૂનાગઢના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શાબ્દિક સ્વાગત અને શિબિરની માહિતી ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડએ આપી હતી. શિબીરાર્થી મોહિની ચીખલીયા, સુરેશકુમાર ચૌધરી, જાનવી શાહ, પાયલ ભટ્ટ એ તેમના શિબિરના અનુભવો વ્યક્ત કરતા જણાવ્યું કે, આ શિબિરથી તેમનામાં ટીમ ભાવના, આત્મવિશ્વાસ અને સ્વયં શિસ્ત,મજબૂત મનોબળ, હકારાત્મક અભિગમકેળવવા જોવા ગુણો આત્મસાત કર્યા હતા.આ સમાપન સમારોહના અધ્યક્ષ ડી.એમ. જોષી, જિલ્લા ઉદ્યોગ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જૂનાગઢ, કે.પી. રાજપુત પૂર્વ આચાર્ય, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા મા.આબુ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ તથા માનદ ઈન્સ્ટ્રક્ટરના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા. કાર્યક્રમના અધ્યક્ષ ડી.એમ. જોષીએ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું, કે જીવનમાં રમત ગમત ક્ષેત્રનું મહત્વ અમુલ્ય છે, આ ઉપરાંત તેમણે પર્વતારોહણની તાલીમ જીવન ઘડતરમાં, જીવનમાં આવતા કપરા ઉતાર ચઢાવમાં ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે અને પોલીસ, આર્મી, ડિઝાસ્ટરના ક્ષેત્રે કારકિર્દી માટે આ તાલીમ ખૂબ ઉપયોગી થશે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શિબિરાર્થી હર્ષદ કુમાર એમ. મારવણીયાએ કર્યુ હતુ. અંતમાં કાર્યક્રમની આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર ઉમંગ વેકરીયાએ કર્યો હતો. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં અંબર વિષ્ણુ, વિમલ વાગડિયા,ઉમંગ વેકરીયા, જાગૃતિ ચાવડા ભાવનગરએ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# જૂનાગઢ એસટી વિભાગીય યંત્રાલય ખાતે કાળઝાળ ગરમીમાં કામ કરતા કર્મચારીઓને ઓઆરએસ અને છાશનું વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ એસટી વિભાગીય યંત્રાલય ખાતે કાળઝાળ ગરમીમાં કામ કરતા કામદારો (કર્મચારી)ઓની તબીયતની ચિંતા કરનાર વિભાગીય યાંત્રીક ઈજનેર સોલંકીના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૫/૨૦૨૪ના રોજ ઓઆરએસનું વિતરણ કરી અને ત્યારબાદ તા.૨૪/૫/૨૦૨૪ના રોજ છાશનું વિતરણ કર્યું અને ઓઆરએસનું પાણી તા.૨૩/૫/૨૦૨૪થી સતત દિવસમાં બે વખત આપવામાં આવે છે અને તા.૨૮/૫/૨૦૨૪ના રોજ પાઈનેપલ જયુસનું વિતરણ કરવામાં આવ્યું અને આ ઝુંબેશમાં સંગઠનના હોદેદારોએ પણ હાજરી આપી હતી અને આવા ભગીરથ કાર્ય કરવા બદલ કર્મચારી મંડળ શ્રી સોલંકીનું ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને કાયમી આવા સારા કાર્યો કરવાની શુભકામના પાઠવે છે.

વધુમાં કર્મચારીઓ માટે ઓઆરએસ વ્યવસ્થા જૂનાગઢ ભાજપ શહેર પ્રમુખ પુનીતભાઈ શર્મા, જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર તથા જૂનાગઢ સીવીલ સર્જન ડો.પાલા તફરથી ૨૦૦૦ કરતા પણ વધુ ઓઆરએસ પેકેટની વ્યવસ્થા કરી આપવામાં બદલ આ ત્રણેય મહાનુભાવોનો પણ કર્મચારી મંડળના મહામંત્રી દિલીપભાઈ રવિયા તથા ઉપપ્રમુખ વી.કે. ભાદરકા તથા એસ.ટી. વહીવટી સ્ટાફ દ્વારા ખુબ આભાર માનવામાં આવેલ છે.

# જૂનાગઢમાં રાયજીનગર સત્સંગ મંડળ દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢમાં રાયજી નગરનગર સત્સંગ મંડળ દ્વારા આયોજિત સર્વરોગ ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨/૬/૨૦૨૪ રવિવાર મણીભાઈ કાલરીયા સત્સંગ હોલ, રાયજી નગરમાં આયોજન કરવામાં આવેલ છે. કિડની, ડાયાબિટીસ, લીવર, આંખના રોગો, ચામડી, કાન, નાક, ગળાના તથા હાડકાના, બાળકોના, હૃદય રોગના નિષ્ણાંત,દાંતના રોગના તથા વ્યસન મુક્તિ અને ડાયટ મેનેજમેન્ટના ડોક્ટરની ટીમ સેવા આપશે. આ કેમ્પને સફળ બનાવવા કૈલાશભાઈ અડવાણી, જમનભાઈ ચૌહાણ, મનહરભાઈ ઓતવાણી, જાગૃતીબેન ભાયાણી, જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન ચેતનાબેન મિસરાણી સેવા આપશે.

# ગીર સોમનાથનાં વિશાલ ભજગોતરના એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગ બન્યા આકર્ષણનું કેન્દ્ર

## જૂનાગઢમાં યોજાયેલા કલા પ્રદર્શનમાં એક્રેલિક કલર અને પાણી કલર વડે બતાવ્યું કલાનું કૌશલ્ય





ગીર સોમનાથ, તા.૨૯

સંસ્કાર ભારતી સંસ્થા દ્વારા જૂનાગઢ રેડક્રોસ સોસાયટી હોલ ખાતે કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૪ જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. આ કલા પ્રદર્શનમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના કદવાર ગામના વિશાલ ભજગોતરે એક્રેલિક કલર અને પાણી કલર વડે કલાનું કૌશલ્ય બતાવ્યું હતું. જે કલારસિકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

જૂનાગઢ ખાતે યોજાયેલા કલા પ્રદર્શનમાં ભાગ લેનાર વિશાલ ભજગોતરે જણાવ્યું હતું કે, મને પહેલેથી જ કલા પ્રત્યે આકર્ષણ હતું. જેથી હું અલગ અલગ પ્રકારના પેઈન્ટિંગ બનાવતો હતો. હાલ હું અમદાવાદ શેઠ સી.એન. ફાઈન આર્ટસ કોલેજમાં પેઈન્ટિંગનો અભ્યાસ કરું છું અને ફ્રી સમયમાં ટેટ્ટુ બનાવું છું. મેં જૂનાગઢ ખાતેના કલા પ્રદર્શનમાં ભાગ લીધો છે અને મારા પેઈન્ટિંગ પ્રદર્શનમાં મૂક્યા છે. આ પેઈન્ટિંગ જોઈ લોકો હકારાત્મક પ્રતિસાદ આપી રહ્યાં છે અને લોકોને ખૂબ જ ગમે છે. અહીં ૬૪ જેટલા કલાકારોએ પોતાના વિવિધ પેઈન્ટિંગ પ્રદર્શિત કર્યા છે.

વિશાલે વધુમાં જણાવ્યું હતું કે, એબ્સ્ટ્રેક્ટ આર્ટના પેઈન્ટિંગ બનાવતા ત્રણ દિવસનો સમય લાગે છે. જેમાં અલગ અલગ થીમ પર કામ કરવામાં આવ્યું છે. આ એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગમાં એક્રેલિક કલર અને પાણી કલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કલા પ્રદર્શનમાં વિવિધ કલાકારો ભેગા થાય છે જેથી તમામ પાસેથી કૈંક ને કૈંક નવું શીખવા મળે છે. ઉપરાંત મને પ્રમાણપત્ર અને પ્રોત્સાહિત ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યો છે. જેથી હું સંસ્થાનો ખૂબ ખૂબ આભાર માનું છું.

# કલા પ્રેરણા અને સંસ્કાર ભારતીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચિત્ર પ્રદર્શનનો સમાપન સમારોહ યોજાયો

## જીવનમાં ચિત્રકૃતિનિર્માણનાં સ્વપ્ર આવે તે ઉત્તમ ચિત્રની કલ્પના કરી શકે છે : પ્રો. ડો.ચેતન ત્રિવેદી કુલપતિ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ









જૂનાગઢ, તા.૨૯

જુનાગઢ શહેરના રેડ ક્રોસ સોસાયટી હોલ ખાતે કલા પ્રેરણા સંસ્થા અને સંસ્કાર ભારતીના સંયુક્ત ઉપક્રમે ૬૪ જેટલા પેન્ટિંગ કલાના કલાકારો દ્વારા ૧૪૪ જેટલા વિવિધ પ્રકારના પેન્ટિંગ ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ચાર દિવસ સુધી જુનાગઢ શહેરના નગરજનોએ પેઈન્ટિંગ કલાકારોની કૃતિઓ ઉત્સાહભેર નીહાળી ભરપૂર પ્રશંસા કરી હતી.કલા પ્રદર્શનીમા કલાપ્રેરણા સંસ્થાના ૧૨૦ જેટલા કલાકારો પૈકી ૬૪ કલાકારોએ ૧૪૪ પેન્ટિંગ પ્રદર્શિત કર્યા હતા. આજે કલા પ્રદર્શન સમાપન સમારોહ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રો.(ડો)ચેતનભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયો હતો. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી દીપ પ્રાગટ્ય કરીને ડો.ચેતનભાઈ ત્રિવેદીએ કલા પ્રદર્શની નિહાળ્યા બાદ ઉપસ્થિત કલાકારોને સંબોધતા જણાવ્યું હતું કે કલાએ પ્રભુ કૃપાથી મળેલી બક્ષિસ છે. આવા કાર્યક્રમો થકી જુનાગઢના કલાકારો પોતાની કલા પ્રદર્શિત કરી અને લોકો સમક્ષ રજુ કરવાનું પ્લેટફોર્મ મળ્યું છે. કલાના કદરદાનો જ્યારે પેઈન્ટિંગની પ્રશંસા કરે છે, ત્યારે કલાકાર માટે પ્રોત્સાહક બની રહે છે. કલાકારો પોતાના પેઈન્ટિંગ્સથી વધુ સજ્જતા કેળવે છે, પેન્ટિંગ્સની નિખારતા ઊભી થાય છે, તેના કલરમાં સજ્જતા કેળવાય છે. થીમેટીક એપ્રોચ જેમ કે મોડર્ન આર્ટ, થ્રેડ વર્ક, વોટર કલર વર્ક, વારલી પેઈન્ટિંગ દ્વારા પોતાની કલા સાધના ઉજાગર થતી હોય છે, આવનારા દિવસોમાં યુનિવર્સિટી દ્વારા કોઈ મોટો કાર્યક્રમ થશે ત્યારે આવા પેઈન્ટિંગ્સ રજૂ થાય તે માટે કલાકારોએ આગળ આવી પોતાની કલાકારી કરી રજૂ કરવી જોઈએ, જે શહેરમાં કલા, સંસ્કૃતિ, સંગીત, સાહિત્ય, નૃત્યની આરાધના થતી હોય એ શહેરમાં સાંસ્કૃતિક વાતાવરણ ઉત્તમ પ્રકારનું હોય છે. એ શહેરનું શિક્ષણ કલ્ચર કલાસાધનાની ઉપાસના થતી હોય છે. જેનાથી ઉત્તમ નાગરિકનું નિર્માણ થતું હોય છે. આવનારા દિવસો ભારત જ્યારે વિશ્વ ગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે કલાકારોના માધ્યમથી વ્યક્તિ નિર્માણ થકી સાંસ્કૃતિક વારસો ઉત્તમ પ્રકારનું બની રહે તે દિશામાં આપણી અસ્મિતા ઉભી થશે. આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો (ડો) ચેતન ત્રિવેદીના હસ્તે કળા ક્ષેત્રે ઉત્તમ કલાકસબીઓને પુરસ્કારથી પુરસ્કૃત કરી તેમને મોમેન્ટો અર્પણ કરી અને સન્માનિત કરી કલા સાધકોની કલાને બીરદાવી જણાવ્યુ હતુ કે આજે ડિઝીટલ યુગમાં ચિત્રકલા નામશેષ થઈ રહી છે ત્યારે નવી પેઢીને ભારતીય સંસ્કૃતિનો ચિત્રો દ્વારા પરિચય કરાવવાનો કલા પ્રેરણા સંસ્થાન અને સંસ્કાર ભારતીનો પ્રયાસઆવકાર દાયક છે.'ચિત્રકલાએક એવી સાધના છે, જેના થકી વ્યક્તિ ધ્યાનસ્થ થઈ શકે છે' ચિત્ર પ્રદર્શની તૈયાર કરનારા કલાકારોએ આજે ચિત્રકલાની વર્તમાન સમયમાં અનિવાર્યતા સમજાવી ભારતીય સંસ્કૃતિનો પરીચય ચિત્રકલા દ્વારા નવી પેઢીને કરાવવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત બહાઉદ્દિન સાયન્સ કોલેજનાં પ્રિન્સીપાલ ડો. આર.પી.ભટ્ટ અને અગ્રણી ભાવેશભાઈ વેકરીયાએ ઉપસ્થિત કલા સાધકોને સંબોધતા જણાવ્યુ હતુ કે કલા પ્રદર્શનીમાં રજુ કરાયેલ પ્રત્યેક ચિત્ર વિવિધ પ્રસંગોની અનુભૂતિ કરાવતી ચિત્રકૃતિઓ ધ્યાનાકર્ષક બની રહી છે.ચિત્ર કોઈ પણ વ્યક્તિના સારા કે રચનાત્મક વિચારોને રજૂ કરે છે, જેથી ચિત્ર એ માત્ર કલા જ નથી પરંતુ વ્યક્તિના વિચારોનું રચનાત્મક પ્રતિબિંબ છે જેથી ચિત્રકલાનું આ માધ્યમ રચનાત્મક રીતે વ્યક્તિના ઉત્થાન માટે મહત્વનું સાબિત થાય છે.. ચિત્રોમાં પોતાનાં સ્વપ્નોને મૂર્તિમંત કરનાર હિતેન્દ્ર નાગાણીએ જણાવ્યું હતું કે, અમે કોઈ ફાઈનઆર્ટસ કોલેજમાં ભણીને ચિત્રો દોરનારા કલાકારો નથી. ચિત્ર અમારો શોખ છે. જૂદા જુદા અભ્યાસક્રમો ભણીને ચિત્રો પ્રત્યે અભિરુચિ કેળવીને ચિત્રકલાને એક સાધના તરીકે જીવનમાં સ્થાન આપીને ભારતીય સંસ્કૃતિને ચિત્રકૃતિઓ દ્વારા ઉજાગર કરવાનો પ્રયાસ કરીએ છીએ. વોટર કલર, ઓઈલ પેઈન્ટ, પેન્સીલ કે પેન, ચિત્રો બનાવવાથી માંડીને કેન્વાસ ઉપર ચિત્રોતૈયાર ચિત્રો દોરવાથી ચિત્ર તૈયાર થતાં મનને શાંતિ મળે છે. ચિત્રો દોરવાની કલાથી એકાગ્રતા કેળવાય છે. ખોટા વિચારો આવતા નથી. સર્જનાત્મક શક્તિઓ વિકસે છે. તેથી આ ચિત્રો તૈયાર કરવામાં ભાઈઓ કરતાં બહેનોનો ફાળો સવિશેષ રહ્યો છે. આ કાર્યક્રમના આયોજક રજનિકાંત અગ્રાવત અને સંસ્કાર ભારતીનાં વડોદરાથી ખાસ પધારેલ સંયોજક શ્રી સુરેન્દ્ર વી. ધુમલે જણાવ્યુ કે આજે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનો યુગ આવી ચુક્યો છે ત્યારે ચિત્રકલાનું પેઈન્ટીંગ કરવાનું લોકોનાં માનસપટ પરથી અસ્તિત્વ ભુસાતુ જાય છે. ત્યારે નવી પેઢીને ચિત્રકલા તરફ આકર્ષિત કરવાનું કામ આ પ્રકારની ચિત્રકારોની કલા સાધનાથી આળખાયેલ ચિત્ર પ્રદર્શની દ્વારા થઈ શકશે.

કાર્યક્રમને સફળ બનાવવા અજયભાઈ રાવલ, મધુસુદન ભુવા સહિત કલા પ્રેરણા સંસ્થાનાં કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રીપલબેન વેરીયાએ સંભાળ્યુ હતુ. કાર્યક્રમને નવલખીનાં ચિત્રકાર ઓસમાણભાઈએ આભાર દર્શન કર્યુ હતુ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# નકસલીઓનાં સંરક્ષક અને સમર્થક ગભરાટમાં

આજકાલ નક્સલીઓ મુશ્કેલીમાં છે. પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. ૨૦૨૪ના સાડા ચાર મહિનામાં જ ૧૧૦થી વધુ નક્સલી માર્યા ગયા છે. ગભરાયેલા નક્સલીમાં આત્મસમર્પણની હોડ જામી છે. આ કારણે નક્સલ નેતૃત્વ ગભરાટમાં છે. નક્સલીઓના સંરક્ષક અને સમર્થક પણ ગભરાટમાં છે. ૧૦ મેએ બીજાપુરના પીડિયામાં ૧૨ નક્સલીઓ માર્યા ગયા બાદ દાવો કરાઈ રહ્યો છે કે નક્સલીઓના નામ પર ગ્રામીણોને મારવામાં આવ્યા. કોંગ્રેસીઓ, ડાબેરીઓ અને કેટલાક આદિવાસી સંગઠનોમાં પણ બેચેની છે. આ સંગઠનો તપાસ કમિટિઓએ ગામની મુલાકાત લઈને નિઃશસ્ત્ર લોકોને મારવાનો આરોપ લગાવ્યો છે. જિલ્લા પ્રશાસન દ્વારા કરાઈ રહેલ ન્યાયિક તપાસનો રિપોર્ટ હજુ નથી આવ્યો, પરંતુ પ્રચાર મેળવવા નક્સલ સમર્થક ચોતરફી દબાણ બનાવવામાં લાગ્યા છે.

બીજી તરફ આ વખતે ભાજપ સરકાર પણ તૈયારીમાં છે. પ્રશાસને માર્યા ગયેલ તમામ ૧૨ નક્સલીઓ વિરુદ્ધ અપરાધિક પ્રમાણ એકઠા કર્યા છે. જલ્દી તેમના વિરુદ્ધ પહેલાં નોંધાયેલ કેસોની યાદી જાહેર કરવાની સંભાવના છે. ૧૦ મેએ અથડામણ દરમ્યાન સમર્પણ કરનારી એક મહિલા નક્સલીએ શનિવારે નક્સલીઓની બદલાયેલી રણનીતિની પુષ્ટિ કરી દીધી છે. તેણે કહ્યું કે નક્સલી અને તેમના સમર્થકો નકલી એક્રાઉન્ટરનો આરોપ લગાવીને સરકાર પર દબાણ બનાવવાની રણનીતિક કાવતરામાં જોડાઈ ગયા છે. તેના માટે નક્સલીઓને ગ્રામીણોના કપડાંમાં રાખવામાં આવે છે. અથડામણમાં તેઓ માર્યા જાય તો પાંદડાં વીણવા ગયેલા ગ્રામીણોને મારવાની વાતો કહેવાઈ રહી છે. જ્યારે પાંદડાં વીણવાની જગ્યા ત્યાંથી તો લગભગ ૨૦ કિલોમીટર દૂર છે.

બદલાવને આ તથ્યો સાથે પણ સમજી શકાય છે કે છેલ્લા સાડા ચાર મહિનામાં ૪૦૦થી વધુ નક્સલીઓએ સમર્પણ કર્યું છે તો લગભગ ૨૦૦ નક્સલીની ધરપકડ કરાઈ ચૂકી છે. આસપાસના ૨૦ થી ૩૦ કિલોમીટર ક્ષેત્રમાં સુરક્ષા સુનિશ્ચિત કરનારા ૨૫થી વધુ કેમ્પ પણ આ દરમ્યાન ખૂલી ચૂક્યા છે તથા બીજા ૫૦ કેમ્પ ખોલવાની પ્રક્રિયા ચાલુ છે. અહીં ધ્યાન આપવાની વાત એ છે કે લગભગ એક મહિના પહેલાં ૧૬ એપ્રિલે ૨૯ ન્સલીઓ માર્યા જતાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નક્સલીઓના નામે ગ્રામીણોને મારવાના આરોપ લગાવ્યા. એ દરમ્યાન તમામ નક્સલીઓએ વર્દી પહેરી હતી, તેથી ટીકા વધતાં બઘેલે પોતાનું નિવેદન પાછું ખેંચ્યું. આ વખતે નક્સલીઓ ગ્રામીણો જેવાં કપડાંમાં હતા. બઘેલની સાથે સાથે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દીપક બૈજ, ડાબેરી નેતા મનીષ કુંજામ વગેરે પણ કૂદી પડ્યા છે.

બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય સહિત અન્ય ભાજપી નેતા આમાં કોંગ્રેસ નેતાઓ અને નક્સલીઓ વચ્ચે સાંઠગાંઠનો આરોપ લગાવી ચૂક્યા છે. મે ૨૦૧૩ના રોજ ઝીરમ કાંડમાં કોંટાના ધારાસભ્ય કવાસી લખમાની ભૂમિકા હજુ પણ સવાલોમાં છે અને તપાસ રિપોર્ટ જાહેર થવાની રાહ જોવાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઝારકંડના ઘાટશિલામાં એમ કહીને મુદ્દાની પ્રાસંગિકતા વધારી દીધી છે કે કોંગ્રેસના શેહજાદા નક્સલીઓની ભાષા બોલી રહ્યા છે. નક્સલીઓના માર્યા જવાનો આંકડો પણ કોંગ્રેસીઓનું નક્સલીઓ પ્રત્યે નરમ વલણ હોવાના આરોપને આધાર આપ્યો છે. ૨૦૧૮માં ભાજપ સરકારના કાર્યકાળમાં ૧૧૨ નક્સલી માર્યા ગયા હતા, જ્યારે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનતાં જ ૨૦૧૯માં ૬૫, ૨૦૨૦માં ૪૦, ૨૦૨૧માં ૫૧ નક્સલીઓ માર્યા ગયા. આ આંકડા વધુ ઘટતાં ૨૦૨૨માં ૩૦ અને ૨૦૨૩માં માત્ર ૨૦ રહી ગયો. તેની સામે નક્સ્લીઓએ ૨૦૨૧માં ૩૩ ગ્રામીણોની હત્યા કરી અને ૪૬ જવાન બલિદાન થયા. ૨૦૨૩માં ૨૦ નક્સલીઓને જ મારી શકાયા, જ્યારે નક્સ્લીઓએ ૪૧ ગ્રામીણોને મારી નાખ્યા અને ૨૫ જવાનો બલિદાન થયા. આ રીતે ૨૦૦૧થી અત્યાર સુધી લગભગ ૧૨૧૦ નક્સલીઓને જવાનોએ ઠાર માર્યા છે તો બદલામાં લગભગ ૧૭૫૦ ગ્રામીણોના જીવ ગયા છે અને લગભગ ૧૩૦૦ જવાનો બલિદાન થયા છે. ૨૦૨૪ના પહેલા સાડા ચાર મહિનામાં જ ૧૧૦ નક્સલીઓને ઠાર કરાયા છે અને જવાનોનું બલિદાન એકલ અંકમાં છે.

### કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આરોપ લગાવ્યા

# સરકારનો મોતનો આંકડો ખોટો, ૨૮ નહીં ૪૪ લોકો આગમાં હોમાયા: પરેશ ધાનાણી



## આંકડા જાહેર કરાયા તેમાં પણ વિસંગતતા છે કેટલા પીએમ કરાયા તે પણ આંકડા પ્રસિદ્ધ કર્યા નથી

રાજકોટ, તા.૨૯

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે, ત્યારે અગ્નિકાંડને લઈ કોંગ્રેસ દ્વારા વહીવટી તંત્ર પર ગંભીર આરોપ મુકવામાં આવ્યા છે. રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આરોપ લગાવ્યા છે. તેમણે મોત અને મિસિંગના આંકડા છુપાવવાનો આરોપ મુક્યો છે. તેમણે કહ્યુ કે, આંકડા જાહેર કરાયા તેમાં પણ વિસંગતતા છે. કેટલા પીએમ કરાયા તે પણ આંકડા પ્રસિદ્ધ કર્યા નથી.

પરેશ ધાનાણીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, સત્તાવાર મૃત્યુઆંક તો ૨૮એ અટકાવી દેવામાં આવ્યો છે. ક્યાંક સત્યને છૂપાવવાનો પ્રયાસ થયો છે. બનાવ બન્યો ત્યારથી હાજર, પહેલા મૃતદેહને બહાર કાઢ્યો ત્યારથી હાજર સેવામાં જોડાયેલા લોકોના મુખે સાંભળ્યું છે તે મુજબ, ૨૮ મૃતદેહ સિવિલ હોસ્પિટલ સુધી પહોંચ્યા હતા. મારા જાણવામાં આવ્યા મુજબ પહેલા ૫ મૃતદેહ ખૂબ નજીકની ખાનગી હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા હતા.

રાત્રે ૧૧.૩૦ વાગ્યે મે સ્થળની મુલાકાત લીધી ત્યારે બચાવ કામગીરી શરૂ હતી, ત્યારે કાર્યકર્તાઓના મુખે નજરે જોયું છે કે અંદાજે ૩ જેટલા મૃતદેહ કાટમાળ નીચે દબાયેલા હતા.

૨૬ તારીખે બનાવના બીજા દિવસે સવારે ૬થી ૨ વાગ્યા સુધીની બચાવ-રાહત કામગીરીની ટીમ દ્વારા જે અનધિકૃત રીતે જાણવાનો પ્રયાસ થયો, સવારની શિફ્ટમાં ૫ જેટલા મૃતદેહના અવશેષોને હસ્તગત કરી સિવિલ હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા હતા. ૨૬ તારીખે બપોર પછી કોંગ્રેસના નેતા ઘટના સ્થળની મુલાકાત લેવા ગયા ત્યારે બપોરે ૨થી ૭ની વચ્ચે બીજા મૃતદેહના અવશેષો પ્રાપ્ત થયા હતા. જાણવા મળ્યું છે કે ગઈકાલે એક મૃતદેહના અવશેષો ફરી પ્રાપ્ત થયા હતા. આમ, અંદાજિત ૪૪ જેટલા મૃતદેહ અથવા તો એના અવશેષો પ્રાપ્ત થયા હોવાનું સત્તાવાર અને બિનસત્તાવાર રીતે જાણવા મળી રહ્યું છે.ગુમ લોકોના જે આંકડા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેમાં પણ વિસંગતતાઓ છે. સિવિલ હોસ્પિટલમાં જેમણે પીએમ કર્યુ એવા સિવિલ સર્જન, એમ્સના સત્તાધીકારીઓ, ખાનગી હોસ્પિટલો દ્વારા એમની હોસ્પિટલમાં કેટલા લોકો, મૃતદેહો આવ્યા, અવશેષો આવ્યા, કેટલાના પીએમ કરવામાં આવ્યા, કેટલાના એફએસએલ માટે નમૂના લેવામાં આવ્યા, તેના આંકડા આજ સુધી પ્રસિદ્ધ કર્યા નથી.

પોલીસ વિભાગ દ્વારા ૨૮ લોકોને ગુમ જાહેર કરવામાં આવ્યા છે. કલેક્ટર વિભાગ દ્વારા ૩૩ લોકોને ગુમ થયેલા નોંધવાનું જાણવા મળ્યું છે.જ્વલનશીલ પદાર્થના લીધે બનાવના સ્થળે અંદાજિત ૩૦૦૦ સેલ્સિયસ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન હોવાની સંભાવના સીટના વડાએ જે નિવેદન આપ્યું તેમાં કહ્યું છે.

### આગની અનેક ઘટનાઓ બાદ ફાયર સેફ્ટીનો મુદ્દો જબરદસ્ત ગાજ્યો

# રાજ્ય સરકારનો કલેક્ટરોને આદેશ ફાયર NOC ના હોય તેની સામે ગુનો નોંધવો

## રાજ્યમાં જ્યાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ભેગી થાય એ તમામ સ્થળોની ચકાસણી કરવા માટે આદેશ

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં આગની અનેક ઘટનાઓ બાદ ફાયર સેફ્ટીનો મુદ્દો જબરદસ્ત ગાજ્યો હતો. હાઈકોર્ટે સરકારને ફાયર સેફ્ટિ મુદ્દે અનેક આદેશો પણ કર્યાં હતાં. ત્યારે રાજકોટ TRP ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ સરકાર સફાળી જાગી છે. રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેક્ટરોને જેની પાસે ફાયર NOC ના હોય તેની સામે ગુનો નોંધવા આદેશ કર્યો છે. આ નિર્ણયને પગલે કલેક્ટરોએ જિલ્લા પોલીસ વડાને સૂચના આપી દીધી છે. ગુના નોંધવા માટે સ્પષ્ટ ઉલ્લેખ કરી અને કડક પગલાં ભરવા આદેશ કરવામાં આવ્યો છે.

રાજકોટની ઘટનામાં કાળીટીલી લાગ્યા બાદ સફાળી જાગેલી રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેક્ટરને આપેલી સૂચના અનુસાર, રાજકોટની ઘટનાનું રાજ્યમાં ફરીથી પુનરાવર્તન ન થાય તેની તકેદારીના ભાગરૂપે કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. રાજ્યના તમામ શહેરના મંદિર, મસ્જિદ, સ્કૂલ, કોલેજ, મોલ, થિયેટર, ફૂડ માર્કેટ, વસ્તી ગીચતા ધરાવતા માર્કેટ, ગેમ ઝોન સહિતનાં તમામ સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ભેગી થાય છે એ તમામ સ્થળોની ચકાસણી કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે.રાજ્ય સરકારે કરેલા આદેશમાં દરેક જગ્યાએ સ્થાનિક મામલતદાર-નાયબ મામલતદાર અને પોલીસ સંયુક્ત રીતે ચકાસણી કરવા જશે અને જે તે એકમમાં ફાયર એનઓસીની ચકાસણી કરશે. જો કોઈ એકમ પાસે ફાયર એનઓસી નહિ હોય તો તે એકમ સામે તાત્કાલિક ગુનો નોંધવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. આ સૂચનાનો અમલ પણ તાત્કાલિક ધોરણે કરવા માટેના આદેશ આપવામાં આવ્યા છે.

અમદાવાદમાં કલેક્ટર દ્વારા વીડિયો કોલથી પ્રાંત અધિકારી અને મામલતદાર સાથે સમીક્ષા કરવામાં આવી છે. જેમાં સુચના પણ આપવામાં આવી છે કે ક્યાંય પણ એવી જગ્યા હોય જ્યાં ઉનાળામાં લોકો વધુ નાહવા જતા હોય જેમ કે નદી,તળાવ કે નહેર ત્યાં તકેદારી રાખવાની રહેશે. ટ્યુશન ક્લાસ, હોસ્પિટલ કે થિયેટર જ્યાં ૫૦થી વધુ લોકોની અવરજવર થતી હોય એવી જગ્યાએ એન્ટ્રી અને એક્ઝિટ અંગે સર્વે કરવા સૂચના આપવામાં આવી છે. તમામ માહિતી પ્રાંત અધિકારી અને મામલતદારે કલેક્ટરને આપવાની રહેશે.ક્યાંય પણ કોઈ વિગત ખૂટતી હોય તો તે તાત્કાલિક બંધ કરાવવાનું રહેશે.

### અંબાલાલ પટેલે વરસાદને લઈને કરી મોટી આગાહી

# વંટોળ સાથે રાજ્યમાં ૪ જૂન સુધીમાં વરસાદ થઈ શકે છે

## રાજ્યમાંવલસાડ, ડાંગ સહિતનાં વિસ્તારમાં પ્રિ મોનસુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં કાળઝાળ ગરમીને લઈને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજ્યમાં ગરમીનો પાર ૪૫ ડિગ્રીને પાર પહોચ્યો છે.મે મહિનાએ ગરમીએ માઝા મૂકી છે.ગરમીનો પ્રકોપ ગુજરાતમાં યથાવત જોવા મળી રહ્યો છે. આ સમયે હવામાન નિષ્ણાત અંબાલા પટેલે વરસાદને લઈને મોટી આગાહી કરી છે. અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં પ્રી મોનસુન એક્ટિવીટી શરૂ થશે.દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ સહિતનાં વિસ્તારમાં પ્રિ મોનસુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે. મધ્ય ગુજરાતના આણંદ, વડોદરા, નડીયાદ સહિતના શહેરમાં વરસાદ પડી શકે છે. ધંધુકા, ભાવનગર તથા દક્ષિણ સૌરાષ્ટ્રનાં ભાગોમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. અમદાવાદ, ગાંધીનગરમાં પ્રી મોનસુન એક્ટિવિટીની અસર થઈ શકે છે.અંબાલાલ પટેલે વધુમાં કહ્યું કે વંટોળ સાથે રાજ્યમાં વરસાદ થઈ શકે છે. ૪ જૂન સુધીમાં રાજ્યમાં વરસાદ થઈ શકે છે.

રોહિણી નક્ષત્રમાં પાછલા ભાગોમાં વરસાદ થવાથી ચોમાસુ સારૂ રહેશે. સવા મહિના બાદ રાજ્યમાં સારો વરસાદ પડશે.ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ વર્ષે દેશમાં વરસાદ સારો પડશે. હવામાન વિભાગે કહ્યું છે કે આ વર્ષે ચોમાસામાં સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની સંભાવના છે. IMDનું કહેવું છે કે આગામી ૫ દિવસમાં કેરળમાં ચોમાસાની શરૂઆત માટે સ્થિતિ અનુકૂળ બની રહી છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું ૧ જૂને આવે છે, પરંતુ આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૩૧ મેના રોજ જ કેરળમાં પહોંચશે.

### નશામાં ધુત લોકો વિચિત્ર વસ્તુઓ કરતા હોય છે

# ગોંડલ સિવિલના ઈમરજન્સી વિભાગમાં બાઈક ઘૂસી ગઈ

## સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી અને ઝડપથી વાયરલ થઈ રહી છે, આ ઘટના બાદ હોસ્પિટલની સુરક્ષાને લઈને લોકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે

ગોંડલ, તા.૨૯

મોટા ભાગે આપણે એવા કિસ્સાઓ સંભાળતા હોઈએ છીએ કે નશામાં ધુત લોકો વિચિત્ર વસ્તુઓ કરતા હોય છે.આવીજ એક ઘટના ગોંડલ સિવિલના ઈમરજન્સી વિભાગમાં બની હતી જ્યાં એક વ્યક્તિ બાઈક લઈ ઘુસી આવ્યો હતોમોટા ભાગે આપણે એવા કિસ્સાઓ સંભાળતા હોઈએ છીએ કે નશામાં ધુત લોકો વિચિત્ર વસ્તુઓ કરતા હોય છે.આવીજ એક ઘટના ગોંડલ સિવિલના ઈમરજન્સી વિભાગમાં બની હતી જ્યાં એક વ્યક્તિ બાઈક લઈ ઘુસી આવ્યો હતો, અને માહિતી અનુસાર બાઈક ચાલક દર્દીને લઈને હોસ્પિટલ આવ્યો હતો ત્યારે તેને ઈમરજન્સી વિભાગમાં બાઈક ચઢાવી દીધું હતું. ત્યારે હોસ્પિટલમાં લોકોમાં ભય ફેલાયો હતો. જાણકારી અનુસાર બાઈક ચાલક દર્દીને સારવાર માટે સિવિલમાં લાવ્યો હતો.

પરંતુ તે તેને સ્ટ્રેચરમાં લઈ જવાના બદલે બાઈક માજ ઈમરજન્સી રૂમ સુધી લઈ ગયો હતો.જેનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના ગોંડલ સિવિલ હોસ્પીટલમાં બની હતી.જ્યાં બીક ચાલક દર્દીને લઈને સીધા જ સિવિલના ઈમરજન્સી વોર્ડમાં પહોંચ્યા હતા.સ્ટ્રેચરમાં લઈ જવાના બદલે બાઈક જ ઈમરજન્સીમાં ચઢાવ્યું હતું. જે બાદ આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી અને ઝડપથી વાયરલ થઈ રહી છે. આ ઘટના બાદ હોસ્પિટલની સુરક્ષાને લઈને લોકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે.સિવિલની ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા હતા. જ્યાં બાઈક ઈમરજન્સી વિભાગમાં આવતા સ્ટાફનો જીવ તાળવે ચોટયો હતો.સાથે સારવાર હેઠળ અન્ય દર્દીના જીવ પણ જોખમમાં મુકાયા હતા.આવી સ્થિતિમાં સુરક્ષાને જોતા હોસ્પીટલની સુરક્ષાનો મોટો પ્રશ્ન ઉભો થયો હતો. માહિતી અનુસાર બાઈક ચાલક સાથે રમેશ પરમાર નામના દર્દી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઈનુંય કદાપિ ખરાબ ન કરવું.

- શેક્સપિયર

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૬ પંચક (રાત્રે ૮:૦૫ ક.થી), ધનિષ્ઠા નવકારંભ (સવારે ૮:૩૮ ક.થી) તા.૨૯ મે ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૦, શ્રવણ નક્ષત્ર, ઐન્દ્ર યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૮:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ:ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન:નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક: કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ: પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા: વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે. મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃશ્ચિક:વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.
ધન: નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.
મકર: નવિન આયોજન કરી શકશો.
કુંભ: જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.
મીન: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

# રાજકોટ TRP ગેમ ઝોનના ભાગીદાર પ્રકાશ જૈનનુ અગ્નિકાંડમાં મોત

## જે મૃતદેહના DNA ટેસ્ટ કરવામાં આવ્યા છે તેમાં પ્રકાશ જૈનના DNA મેચ થઈ ગયા

રાજકોટ, તા.૨૯

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૨૮ લોકોનાં મૃત્યુ થયાં છે અને કેટલાક લોકો હજુ પણ લાપતા છે.

ત્યારે આ અગ્નિકાંડ બાદથી જ પ્રકાશ જૈનનું નામ સતત ચર્ચામાં છે. જે TRP ગેમ ઝોનનો ભાગીદાર હતો.

એવું કહેવામાં અવી રહ્યું હતું કે જયારે આગ લાગી ત્યારે પ્રકાશ હિરન ઉર્ફ પ્રકાશ જૈન ગેમ ઝોનમાં જ હાજર હતો અને પોલીસ સતત તેને શોધી રહી હતી, પરંતુ હાલ જાણવા મળી રહ્યું છે કે, પ્રકાશ જૈનના DNA મેચ થઈ ગયા છે. જે મૃતદેહના DNA ટેસ્ટ કરવામાં આવ્યા છે તેમાં પ્રકાશ જૈનના DNA મેચ થઈ ગયા.આમ તો FIRમાં સૌથી પહેલું નામ ધવલ ઠક્કરનું છે પરંતું એવું માનવામા આવી રહ્યું છે કે ધવલ ઠક્કરની ભૂમિકા નામ માત્ર પૂરતી છે. સૌરાષ્ટ્રનું સૌથી મોટું ગેમ ઝોન બનાવવા પાછળનો વિચાર, તેનો માસ્ટર માઈન્ડ પ્રકાશ હિરન ઉર્ફ પ્રકાશ જૈન હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

# છોટાઉદેપુરથી ઉજ્જૈન સુધી રેલવે લંબાવવા માગણી

## ધાર સુધીના બ્રોડગ્રેજ પ્રોજેક્ટને ઉજ્જૈન સુધી લંબાવવામાં આવે તો વડોદરા,છોટાઉદેપુરને મુસાફરીનો લાભ મળે

છોટાઉદેપુર, તા.૨૯

ગુજરાતના છોટાઉદેપુર થી મધ્યપ્રદેશના ધાર સુધી બ્રોડગેજ રેલવે પ્રોજેક્ટ અગાઉના ૨૦૦૬ના વર્ષમાં મંજુર કરવામાં આવ્યો હતો. જેની કામગીરી હાલ ચાલી રહી છે જયારે છોટાઉદેપુર થી મધ્યપ્રદેશના જોબટ સુધી ટ્રેન હાલ જઈ રહી છે. જયારે છોટાઉદેપુર જિલ્લાના લોકોની માંગ ઉઠી છે કે હવે આ રેલવે ટ્રેન ઉજ્જૈન સુધી લંબાવી દેવામાં આવે તો વિશ્વ વિખ્યાત જ્યોતિર્લિંગ શ્રી મહાકાલેશ્વર મંદિરના દર્શન કરવાનો લાભ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાની પ્રજાને મળી શકે અને ભક્તો સસ્તી અને સલામત મુસાફરી કરી ભગવાન મહાકલેશ્વરના દર્શન નો લાભ લઈ શકે અને હાલમાં ધાર્મિક સ્થાનોનો વિકાસ જે થઈ રહ્યો છે. તે જગ્યાએ જઈ સમાન્યમાં સામાન્ય માનવી પણ દર્શન કરી ધન્યતા અનુભવી શકે તેવી પ્રજાની માંગ ઉઠી છે.

ઉલ્લેખનીય છે કે હાલ વડોદરા પ્રતાપનગરથી છોટાઉદેપુર થઈ મધ્યપ્રદેશ ના અલીરાજપુર અને છેક જોબટ સુધી ટ્રેનની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને ટ્રેનની અવર-જવર પણ શરૂ થઈ ગઈ છે જે સંદર્ભે મુસાફરોની સંખ્યામાં પણ વધારો થયો છે ગુજરાત અને મધ્યપ્રદેશ બંને રાજ્યોમાં વેપાર ધંધા ઉદ્યોગ અર્થે પણ અવરજવર વધી છે અને વ્યવહારો શરૂ થયા છે અને મુસાફરોને આવવા જવામાં રાહત થઈ છે અને પ્રજામાં બંને રાજ્યોનો વ્યવહાર શરૂ થતા આનંદની લાગણી ફેલાય છે પરંતુ વડોદરાથી ૩૯૦ કિમિ અને છોટા ઉદેપુર થી ૩૦૦ કીમી ઉજ્જૈન નુ અંતર થાય છે જેમાં બસ સુવિધા અને ખાનગી વાહનો મારફતે પ્રજા દર્શન અર્થે જતી હોય છે પરંતુ આ લાંબો અંતર દરેક માનવી અને સાધારણ વર્ગને પોસાય તેમ નથી જેના કારણે ઘણા દિવ્ય અલૌકિક જ્યોતિર્લિંગ ના દર્શન કરવાથી વંચિત રહી જાય છે જે બાબતને ધ્યાન રાખીને સરકાર દ્વારા વડોદરા પ્રતાપ નગરથી થી ઉપડતી ટ્રેન છોટાઉદેપુર થઈને ઉજ્જૈન અથવા ઈન્દોર સુધી લંબાવી દેવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠી છે.

# ચૂંટણી પંચ શા માટે સંપૂર્ણ સંખ્યા અને આંકડા સાથે મતદાનનો ડેટા જાહેર કરતું નથી ?

નવી દિલ્હી તા.૨૯

૨૦૧૯માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં, આંધ્ર પ્રદેશમાં ૧૧ એપ્રિલના રોજ પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું. ૧૨ એપ્રિલના રોજ સંકલિત અને ૧૩ એપ્રિલના રોજ ભારતના ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રથમ તબક્કા માટે કામચલાઉ મતદાર મતદાન ડેટા દર્શાવે છે કે આંધ્ર પ્રદેશમાં ૩,૦૭,૪૩,૬૮૦ અથવા ૩.૦૭ કરોડ મત પડ્યા હતા. મત આપવા માટે પાત્રતા ધરાવતા કુલ નોંધાયેલા મતદારોના આ સંખ્યા ૭૮.૧૪ ટકા છે. અગિયાર દિવસ પછી, ૨૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ, ભારતના ચૂંટણી પંચે મતદાનના પ્રથમ તબક્કા માટે સંશોધિત મતદાર મતદાનનો ડેટા જાહેર કર્યો, તેની સંપૂર્ણ સંખ્યા અને ટકાવારી સાથે આંધ્ર પ્રદેશ માટે, આ ૩,૧૩,૫૦,૧૫૯ (૩.૧૩ કરોડ) મતો પડ્યા, જે પાત્ર મતદારોના ૭૯.૮૮% મતદાન છે.

૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી પંચના આચરણ સાથે તેની સરખામણી કરો. આંધ્રપ્રદેશમાં આ વર્ષે ૧૩ મેના રોજ ચોથા તબક્કામાં મતદાન થયું હતું. તે રાત્રે, ચૂંટણી પંચે દરેક રાજ્યોમાં જ્યાં મતદાન થયું હતું ત્યાં રાત્રે ૧૧.૪૫ વાગ્યા સુધીમાં અંદાજિત મતદાર મતદાન દર્શાવતો ડેટા જાહેર કર્યો હતો. આંધ્ર પ્રદેશ માટે, આ ૭૬.૫% હતું. ચાર દિવસ પછી, જ્યારે ચૂંટણી પંચે મતદાનના આંકડાઓનો નવો સેટ બહાર પાડ્યો, ત્યારે તેણે આંધ્રપ્રદેશના મતદાનને ૮૦.૬૬% ઉપર સમાયોજિત કર્યું. કોઈ ચોક્કસ આંકડાઓ આપવામાં આવ્યા ન હતા. સિટીઝન વોચડોગ જૂથ, એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરીને ચૂંટણી પંચને દરેક મતવિસ્તારમાં પડેલા મતોની સંપૂર્ણ સંખ્યા અંગે વિગતવાર ડેટા જાહેર કરવા માટે નિર્દેશ માંગ્યો હતો. કોર્ટે વચગાળાનો આદેશ પસાર કરવાનો ઈન્કાર કરતા આ કેસને મુલતવી રાખ્યો હતો. સુનાવણી દરમ્યાન ચૂંટણી પંચના વકીલે દલીલ કરી હતી કે કામચલાઉ અને અંતિમ મતદાન વચ્ચેનો તફાવત માત્ર૧%-૨% રહેશે.

પણ આ ખોટું છે. આંધ્ર પ્રદેશમાં, ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા કામચલાઉ અને સુધારેલા મતદાનની સરખામણી દર્શાવે છે કે આંધ્ર પ્રદેશમાં બે મેટ્રિક્સ વચ્ચેનો તફાવત ૪.૧૬% છે. નોંધપાત્ર રીતે, આ ૨૦૧૯માં બહાર પાડવામાં આવેલા કામચલાઉ અને અંતિમ ડેટા વચ્ચેના તફાવત કરતાં બમણા કરતાં વધુ છે. ૨૦૧૯માં, તેલંગાણામાં મતદાનની સંખ્યાના સુધારાને કારણે મતવિસ્તાર દીઠ સરેરાશ ૨,૮૦૦ મતોનો ઘટાડો થયો હતો. ઓડિશાના ચાર મતવિસ્તારમાં, મતવિસ્તાર દીઠ પડેલા મતોમાં સરેરાશ ૯૦૦નો વધારો થયો છે. ૨૦૨૪ની ચૂંટણીમાં કામચલાઉ અને અંતિમ મતદાનની ઘોષણાઓ વચ્ચેની સંખ્યામાં ઘણો ઊંચો ઉછાળો જોવા મળ્યો છે. ૨૦૧૯થી વિપરીત, ૨૦૧૪ માટે મતોની ચોક્કસ સંખ્યા ઉપલબ્ધ નથી. અમે મતદાનની ટકાવારી અને પાત્ર મતદારોની કુલ સંખ્યાના આધારે અંદાજિત સંખ્યા મેળવી છે.

તેલંગાણામાં આશરે ૩.૧ લાખ અને ઓડિશામાં ૧.૧ લાખનો વધારો થયો છે. તે તેલંગાણામાં મતવિસ્તાર દીઠ આશરે ૧૮,૦૦૦ મતો અને ઓડિશામાં મતવિસ્તાર દીઠ ૨૭,૦૦૦ મતનો વધારો છે. આંધ્ર પ્રદેશમાં આ વર્ષે, સુધારણા બાદ મતદાનમાં ૪.૧૬%નો વધારો થયો છે. મતદાનની ટકાવારીના આધારે કામચલાઉ અને અંતિમ ગણતરી વચ્ચે ૧૭.૨ લાખ મત ઉમેરવામાં આવ્યા હતા જે રાજ્યના દરેક મતવિસ્તારમાં લગભગ ૬૯,૦૦૦ મતો છે. ૨૦૧૯ માં, આંધ્ર પ્રદેશમાં મતદાનમાં વધારો આનો ત્રીજો ભાગ હતો૬.૦૬ લાખ મત અથવા મતવિસ્તાર દીઠ આશરે ૨૪,૦૦૦ મત.

અત્યાર સુધી, ભારતના ચૂંટણી પંચે સંપૂર્ણ સંખ્યા સાથે રાષ્ટ્રવ્યાપી મતદારોના મતદાનનો ડેટા જાહેર કર્યો નથી. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓમ પ્રકાશ રાવતે જણાવ્યું હતું કે, પુરૂષ અને સ્ત્રી મતદારોની ટકાવારી અને મતદારોની એકંદર ટકાવારી સાથે મતદારોની સંપૂર્ણ સંખ્યા અને મતદારોની સંપૂર્ણ સંખ્યા જાહેર કરવાની પરંપરા છે. ચૂંટણી પંચ પાસે આ ડેટા એકત્રિત કરવા માટે એક સેટ ફોર્મેટ છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરૈશીએ જણાવ્યું હતું કે તેઓ સુધારેલા મતદાનના આંકડાના વધારાથી આશ્ચર્યચકિત થયા હતા અને આ મૂંઝવણ માટે ચૂંટણી પંચને જવાબદાર ગણાવ્યું હતું. પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસાએ જણાવ્યું હતું કે અગાઉની ચૂંટણીઓમાં પણ મતદાનમાં વધારો નોંધાયો હોઈ શકે છે. મુદ્દો એ છે કે તમારી માહિતી વિશે વધુ પારદર્શક રહેવું જોઈએ અને કોઈપણ અસંગતતા અથવા વિસંગતતા માટે ખુલાસો આપવો જોઈએ જેનાથી લોકો સંતુષ્ટ થઈ શકે. કુરૈશીએ જણાવ્યું હતું કે ડેટા સુરક્ષિત કરવાની ચૂંટણી પંચની સિસ્ટમ સખત છે. એકવાર EVM મશીનમાં અંતિમ મતોની સંખ્યા નોંધવામાં આવે છે જેને ફોર્મ 17C કહેવામાં આવે છે, તેના ઉપર પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા સહી કરવામાં આવે છે, ઉમેદવારોના બૂથ એજન્ટોને તેની નકલો આપવામાં આવે છે, મશીનને સીલ કરવામાં આવે છે અને ઉચ્ચ સુરક્ષા હેઠળ રાખવામાં આવે છે. તે ડેટા બદલવો અશક્ય છે. દિલ્હીમાં ભારતના ચૂંટણી પંચે સંપૂર્ણ સંખ્યા સાથે મતદાન જાહેર કર્યું નથી, ઓછામાં ઓછા પાંચ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ તેમની વેબસાઈટ્સ ઉપર સમાન આંકડા જાહેર કર્યા છે. કર્ણાટક, તમિલનાડુ, ગોવા અને રાજસ્થાનના સીઈઓએ મતદાનના ૪૮ કલાકની અંદર તેમની વેબસાઈટ ઉપર ડેટા અપલોડ કર્યો હતો.

આ પાંચ રાજ્યો દ્વારા જાહેર કરાયેલા મતદાનના ડેટામાં મતદારોની મતવિસ્તાર મુજબની સંખ્યા અને મતોની સંખ્યાનો સમાવેશ થાય છે, જેમાં આ બંને મેટ્રિક્સના લિંગ-વાર વિભાજનનો સમાવેશ થાય છે. દરેક મતવિસ્તાર માટે મતદાનની ટકાવારીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચના રાજ્ય એકમો દ્વારા આ જાહેરાતોમાં મતદાનની ટકાવારી એ સુધારેલા મતદાન સાથે મેળ ખાય છે જે રાષ્ટ્રીય ચૂંટણી પેનલે ૩૦ એપ્રિલના રોજ બહાર પાડી હતી. આનો અર્થ એ થયો કે ચૂંટણી પંચ પાસે આ રાજ્યો માટે સંપૂર્ણ સંખ્યા હતી, પરંતુ તેણે તેને પ્રકાશિત કરી ન હતી. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે આવી માહિતીમાં અસંગતતાઓ




ECI માટે ખૂબ જ શરમજનક બની જાય છે. આ કામચલાઉ અને સુધારેલા મતદાનમાં નોંધપાત્ર વધારો ૨૦ મે સુધીના ચૂંટણીના પાંચમા તબક્કા સુધી ચાલુ રહ્યો છે. ઓડિશામાં ૨૦ મેના રોજ રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી રાજ્યના પાંચ સંસદીય મતવિસ્તારોમાં મતદાન ૬૭.૫૯% હતું. ૨૩ મેના રોજ, જ્યારે મતદાન સંસ્થાએ મતદાનમાં સુધારો કર્યો, ત્યારે આંકડો વધીને ૭૩.૫% થયો હતો. ઓડિશાની પાંચ બેઠકો ઉપર કુલ ૭૯.૭ લાખ મતદારો છે. જ્યારે અમે મતદાનની ટકાવારી અને કુલ નોંધાયેલા મતદારોના આધારે અંદાજિત સંખ્યા મેળવીએ છીએ, ત્યારે એવું લાગે છે કે ચૂંટણી પંચે ઓડિશામાં ૨૦ મે અને ૨૩ મે વચ્ચે ૪.૭ લાખ વધુ મત મેળવ્યા છે. તે મતવિસ્તાર દીઠ લગભગ ૯૪,૦૦૦ મતોનો વધારો છે. ચૂંટણી પંચની અખબારી યાદીમાં જણાવાયું છે કે કંધમાલ મતવિસ્તારના બે મતદાન મથકોના ડેટા ઉમેરવાના બાકી હોવાથી આમાં વધુ વધારો થઈ શકે છે. તેવી જ રીતે, પશ્ચિમ બંગાળમાં, સાત મતવિસ્તારોમાં મતદાનમાં વધારો, મત વિસ્તાર દીઠ લગભગ ૬૮,૦૦૦ મત છે. ચૂંટણી પંચના આંકડા મુજબ રાજ્યના સાત મતવિસ્તારોમાં ૧.૨૫ કરોડ મતદારો છે. શું કામચલાઉ અને સુધારેલા મતદાર મતદાનમાં તફાવત નોંધપાત્ર છે ? રાવતે કહ્યું કે તેઓ માનતા નથી કે વોટિંગ પ્રક્રિયામાં કોઈ છેડછાડ થઈ છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર માને છે કે આર્થિક તંગીને કારણે સરકારના વર્ગ ૩ અને વર્ગ ૪ના સ્તરોમાં ઓછી ભરતી થાય છે. કદાચ IAS અધિકારીઓને પ્રશિક્ષિત કર્યા હશે. પરંતુ કારકુન અને નિરીક્ષકોના સ્તરે, રાજ્ય સરકારોમાં યોગ્ય સ્થાનો ઉપર ભાગ્યે જ કોઈ અનુભવી લોકો હોય છે. જ્યારે હું ૨૦૧૮માં ECIમાં હતો, ત્યારે એક રાજ્યે અમને મતદાર મતદાનનો ડેટા આપવા માટે ૧૫ દિવસનો સમય લીધો હતો. અને તે ૧૫ દિવસોમાં, આ રાજ્યએ ડેટા શેર કરવાનું ચાલુ રાખ્યું જેમાં ભૂલો હતી. ભારતના ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા મતદાન મથક ઉપર કરવામાં આવે છે. જ્યારે મતદાન મથક ઉપર મતદાન પૂર્ણ થાય છે, ત્યારે પ્રિસાઈડિંગ ઓફિસર ફોર્મ 17C ભરે છે, જેમાં મતદાન મથક ઉપર નોંધાયેલા મતદારોની સંખ્યા અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં નોંધાયેલા મતોની સંખ્યા અને મતદારોના જાતિ પ્રમાણે વિભાજન જેવી વિગતો હોય છે. આ ડેટામાં સમસ્યાઓ આ સ્તરે થાય છે. ઘણા ફોર્મ 17Cમાં ખાલી જગ્યાઓ, ખોટી માહિતી હોય છે અને કેટલીકવાર ચૂંટણી અધિકારીઓ મોક પોલમાંથી ડેટા કાઢી નાખવાનું ભૂલી જાય છે. તમામ ઉમેદવારો અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં, ભૂલો માટે EVMનું પરીક્ષણ કરવા માટે મતદાન પહેલાં એક મોક પોલ હાથ ધરવામાં આવે છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, તે ભૂલોને દૂર કરવા માટે, પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા સબમિટ કરાયેલા દસ્તાવેજોનો ઉપયોગ કરીને રિટર્નિંગ ઓફિસરના સ્તરે ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓ પાસે ઉપલબ્ધ માનવશક્તિની ગુણવત્તામાં મોટો તફાવત છે, ચૂંટણી પંચને ગુણવત્તાયુકત માનવબળની જરૂર છે.

# ધો.૧૧ સાયન્સની પ્રવેશ કાર્યવાહી શરૂ : ૩૦મી સુધી ફોર્મ મળશે

અમદાવાદ,તા.૨૯

અમદાવાદની ધોરણ-૧૧ સાયન્સની સ્કૂલોમાં પ્રવેશ માટેની કાર્વયાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં સ્કૂલો દ્વારા ૩૦ મે સુધી ફોર્મનું વિતરણ અને પરત લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૩૧ મેના રોજ શાળા દ્વારા મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ ૧ જૂનના રોજ સ્કૂલો દ્વારા પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરાશે. ત્રણ તબક્કામાં પ્રવેશ યાદી જાહેર કરાયા બાદ ૭ જૂન સુધીમાં પ્રવેશ કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પત્ર લખી ધોરણ-૧૧માં પ્રવેશ માટેની કાર્યવાહીની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. જે મુજબ રાજયની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓએ પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ૩ મુખ્ય વિષયો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં મેળવેલા ગુણને ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી બનાવવી રહેશે. પ્રવેશ કાર્યવાહી વખતે વર્ગ દીઠ ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો રહેશે તેવી પણ સુચના અપાઈ છે. આમ, બોર્ડના પત્ર બાદ અમદાવાદ શહેર અને ગ્રામ્યની સ્કૂલોમાં ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં હાલમાં સ્કૂલો ખાતેથી પ્રવેશ માટે ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. આ કાર્યવાહીમાં ૩૦ મે સુધી સ્કૂલો દ્વારા પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવશે અને આ જ દિવસો દરમ્યાન ફોર્મ ભરીને જમા કરાવવાના રહેશે. ફોર્મ વિતરણ અને જમા લેવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ દરેક શાળાએ વિદ્યાર્થીઓનું મેરીટ લીસ્ટ બનાવી ૩૧ મેના રોજ સવારે ૯ વાગ્યે શાળાના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવાનું રહેશે. લઘુમતી શાળાઓએ પોતાની શાળાના ૬૯ વિદ્યાર્થીઓ અને અન્ય શાળાના ૬ વિદ્યાર્થીની પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. ત્યારબાદ ૧ જૂનના રોજ શાળાઓએ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. ત્યારબાદ બીજી અને ત્રીજી પ્રવેશ યાદી અનુક્રમે ૪ જૂન અને ૬ જૂનના રોજ જાહેર કરવામાં આવશે. ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ માટે પણ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. જેમાં શાળા કક્ષાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રવેશ વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ ૧૦ જૂનના રોજ રાયખડ ખાતેની સરકારી કન્યા શાળા ખાતેથી સવારે ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા દરમ્યાન અપાશે. વિદ્યાર્થીઓએ ફોર્મ મેળવી તે જ દિવસે ભરીને પરત જમા કરાવવાના રહેશે. પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી સરકારી કન્યા શાળા ખાતે ૧૧ જૂનના રોજ સવારે ૯ વાગ્યે કરવામાં આવશે.

# ફાયર સેફ્ટીના મુદ્દે સત્ર શરૂ થાય તે પહેલાં દરેક શાળાઓમાં તપાસ કરાશે

અમદાવાદ, તા.૨૯

રાજકોટના ગેમઝોન અગ્નિકાંડ બાદ હવે આગામી દિવસોમાં રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે. ત્યારે અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટી અંગે ચકાસણી કરવાનું આયોજન કરાયું છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય DEO દ્વારા તમામ સ્કૂલોના સંચાલકોને પત્ર લખી ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરવા માટે આદેશ કર્યો છે. આ ઉપરાંત કચેરીની ટીમો દ્વારા પણ સ્કૂલમાં જઈને ચકાસણી કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર હીટવેવને કારણે તેમજ વીજળીના બેદરકારી ઉપયોગથી અકસ્માત થતા હોય છે. જેથી આવી સ્થિતિમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ત્યારે શાળામાં સરકારના નિયમાનુસાર ફાયર સેફ્ટીની સુવિધાને પગલે શાળાઓએ ફાયરના તમામ ઉપકરણો ચાલુ હાલતમાં છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે રાજયના દરેક જીલ્લાના DEO એ સ્કૂલના સંચાલકોને સુચના આપી છે. સરકારના વખતો વખત થતા પરિપત્રોને ધ્યાને લેતા ફાયર NOC તેમજ ફાયર સેફ્ટીના તમામ ઉપકરણો શાળા કક્ષાએ હોવા જરૂરી છે, તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. શાળા સત્ર શરૂ થયે પછી ફાયર સેફ્ટીના ઉપકરણોની ચકાસણી સંબંધે એક મોકડ્રીલનું આયોજન કરવા તેમજ ફાયર સેફ્ટીની તાલીમ શાળાના તમામ કર્મચારીઓને મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે પણ સુચના અપાઈ છે. ઉપરાંત રાજયની દરેક ગ્રામ્યની સ્કૂલોમાં પણ ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરવા માટે જણાવાયું છે. સંચાલકોને પત્ર લખી સુચના આપી છે.

# કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા સામે પોક્સો હેઠળ કેસ નોંધાવનાર મહિલાનું હોસ્પિટલમાં મોત

બેંગ્લુરૂ, તા.૨૯

જે મહિલાએ ભાજપના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી બી.એસધ્ યેદિયુરપ્પા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી તે મૃત્યુ પામી ગઈ છે. મહિલા આરોપ મૂક્યો હતો કે, પૂર્વ મુખ્યમંત્રીએ ડોલર્સ કોલોનીમાં તેમના નિવાસસ્થાને તેમની ૧૭ વર્ષની પુત્રી ઉપર જાતીય શોષણ કર્યો હતો. આરોપ લગાવનાર મહિલા રવિવારે (૨૬ મે) બેંગ્લુરૂમાં હુલિમાવુની એક ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ પામી હતી. પોલીસ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ૫૩ વર્ષીય મહિલા ૨૬ મેના રોજ રાત્રે એક ખાનગી હોસ્પિટલમાં ગઈ હતી. તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, સારવાર આપવામાં નિષ્ફળ જતાં તેનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પોલીસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, હોસ્પિટલના જણાવ્યા અનુસાર, મહિલા ફેફસાંના કેન્સરથી પીડિત હતી. ઉલ્લેખનીય છે કે, કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા બી.એસ. યેદિયુરપ્પા વિરૂધ્ધ POCSO એક્ટ હેઠળ FIR નોંધવામાં આવી હતી. પૂર્વ સીએમ વિરૂધ્ધ સગીરાનું યૌનશોષણ કરવા મામલે FIR નોંધવામાં આવી છે. મામલો ૨ ફેબ્રુઆરીનો બેંગ્લુરૂનો છે. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે. ૧૭ વર્ષીય પીડિતાની ફરિયાદના આધારે બી.એસ. યેદિયુરપ્પા વિરૂધ્ધ બેંગ્લુરૂના સદાશિવનગર પોલીસ સ્ટેશનમાં POCSO અને ૩૫૪(એ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ તરફ યેદિયુરપ્પાએ કહ્યું હતું કે, મારા ઉપર લાગેલા તમામ આરોપો ખોટા છે, પરંતુ હું અત્યારે કહી શકું નહીં કે તેની પાછળ કોઈ રાજકીય હેતુ છે. FIR મુજબ પીડિત સગીરા ૨ ફેબ્રુઆરીએ મદદ માંગવા ગઈ ત્યારે તેનું યૌનશોષણ કરવામાં આવ્યું હતું. પીડિતા તેની સાથે થયેલા અન્ય એક જાતીય સતામણીના કેસમાં મદદ માંગવા ગઈ હતી. ત્યાર પછી યેદિયુરપ્પાએ પીડિતાને એક રૂમમાં ખેંચી લીધી અને તેનું યૌનશોષણ કર્યું હતું. જ્યારે પીડિતા રૂમમાંથી બહાર નીકળી ત્યારે તેણે તેની માતાને કથિત મારપીટ વિશે જણાવ્યું. પીડિતાની માતાએ ફરિયાદ કરતાં યેદિયુરપ્પા સામે કેસ નોંધાયો. જો કે, મામલો સામે આવ્યા બાદ યેદિયુરપ્પાની ઓફિસે કેટલાક દસ્તાવેજો જાહેર કર્યા છે. એવું કહેવામાં આવ્યું છે કે, FIR દાખલ કરનાર મહિલાએ અત્યારસુધીમાં જુદા-જુદા લોકો વિરૂધ્ધ ૫૩ કેસ દાખલ કર્યા છે.

# લોકસભા ચૂંટણીના પરિણામો પહેલાં ૧ જૂને ઈન્ડિયા બ્લોકની બેઠક બોલાવવામાં આવી

**લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને, ગઠબંધનની ભાવિ કાર્યવાહીની સમીક્ષા કરવા અને ચર્ચા કરવા માટે વિપક્ષના નેતૃત્વ હેઠળના ભારતીય જૂથની બેઠક બોલાવવામાં આવી છે**




નવી દિલ્હી, તા.૨૯

વિપક્ષની આગેવાની હેઠળના ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી જોડાણ (ઈન્ડિયા) બ્લોકે ૧ જૂન (શનિવાર)ના રોજ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ દિવસે લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કાનું મતદાન થશે, સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું હતું. ઈન્ડિયા બ્લોકના તમામ ભાગીદારોને બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યું છે. બેઠક ચૂંટણી પરિણામોની જાહેરાતના ૪ દિવસ પહેલા રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાશે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, જેઓ સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાના જામીન ઉપર બહાર છે, તેમને કેસના સંબંધમાં તિહાર જેલમાં આત્મસમર્પણ કરવાનું હોવાથી એક દિવસ પહેલા આ બેઠક બોલાવવામાં આવી છે. સૂત્રોએ ઉમેર્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ગઠબંધનની ભાવિ કાર્યવાહીની સમીક્ષા અને ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે. તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ.કે. સ્ટાલિન, દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, બિહારના નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ અને અન્ય સહિત વિપક્ષી ગઠબંધનના તમામ વડાઓને મુખ્ય બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. શનિવારે લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાની સમાપ્તિ પછી તરત જ, કોંગ્રેસે દાવો કર્યો હતો કે, ઈન્ડિયા બ્લોક ૨૭૨ બેઠકોનો અડધો આંકડો પાર કરી ચૂક્યું છે અને કુલ ૩૫૦થી વધુ બેઠકો મેળવવા માટે આગળ છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે પણ દાવો કર્યો હતો કે, ભારતબ્લોક એનડીએનો સફાયો કરવા માટે તૈયાર છે. રમેશે X ઉપર પોસ્ટ કર્યું હતું કે, "ચૂંટણીના છ તબક્કા હવે પૂરા થયા છે, ૪૮૬ બેઠકો માટે મતદાન સમાપ્ત થઈ ગયું છે. આઉટગોઈંગપીએમ હવે તેમની નિવૃત્તિની યોજનાઓ શોધશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનું ભાવિ સીલ થઈ ગયું છે. એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે, તેઓ દક્ષિણમાં સાફ, ઔર ઉત્તર, પશ્ચિમ અને પૂર્વમાં હાફ (અડધા) થઈ જવાના છે." ૨૮ જેટલા વિપક્ષી પક્ષોએ ૨૦૨૪ની લોકસભાચૂંટણીમાં ભાજપનો સામનો કરવા અને તેને હરાવવા માટે ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી જોડાણ (ઈન્ડિયા)ના બેનર હેઠળ એક મેગા જોડાણ બનાવ્યું છે.

## PM સુનક નજીકના લોકો સાથે સમય વિતાવી રહ્યા છે

# બ્રિટનમાં ૭૮ સાંસદોએ ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો

નવી દિલ્હી, તા.૨૯

વડાપ્રધાન ઋષિ સુનક ૪ જુલાઈએ સામાન્ય ચૂંટણીની જાહેરાત કર્યા પછી નજીકના સલાહકારો સાથે સપ્તાહાંત વિતાવી રહ્યા છે. આ બધા વચ્ચે તેમની પાર્ટીના સાંસદો સતત ચૂંટણી મેદાનમાંથી હટી રહ્યા છે અને અત્યાર સુધીમાં ૭૮ સાંસદોએ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. ૪ જુલાઈએ દેશમાં સામાન્ય ચૂંટણીઓની જાહેરાત પછી બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે તેમના નજીકના સલાહકારો સાથે તેમનો પ્રથમ સપ્તાહાંત (શનિવાર) વિતાવ્યો હોવાનું અહેવાલ છે. ૪૪ વર્ષીય ભારતીય મૂળના ઋષિ સુનક તેમની કન્ઝર્વેટિવ પાર્ટીમાંથી વરિષ્ઠ સાંસદોની સામૂહિક હિજરત વચ્ચે તેમના સાથીદારો અને પરિવાર સાથે થોડો અંગત સમય વિતાવી રહ્યા છે. આ સાથે જ ચૂંટણી લડાઈમાંથી ખસી જવાની જાહેરાત કરનાર પાર્ટીના સભ્યોની સંખ્યા વધીને ૭૮ થઈ ગઈ છે. ગોવે શુક્રવારે સાંજે સોશિયલ મીડિયા ઉપર જાહેર કરાયેલા એક પત્રમાં ચૂંટણી ન લડવાના નિર્ણયની જાહેરાત કરી, એક સંભાવના જે અગાઉ અનુમાન કરવામાં આવી રહી હતી, મતવિસ્તારમાં કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદો દ્વારા સામનો કરવામાં આવી રહેલા મુશ્કેલ પડકારો વચ્ચે. લીડસોમે પણ થોડા સમય પછી એક પત્ર જારી કર્યો, જેમાં સુનકને લખ્યું: ‘સાવધાનીપૂર્વક વિચારણા કર્યા પછી મેં આગામી ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા ન રહેવાનો નિર્ણય લીધો છે.’ તેમના પત્રમાં હાઉસિંગ મિનિસ્ટર ગોવે લખ્યું છે કે, તેઓ જાણતા હતા કે રાજકારણમાં કોઈ સૈનિક નથી. અમે સ્વયંસેવકો છીએ જે સ્વેચ્છાએ આપણું ભાગ્ય પસંદ કરીએ છીએ. સેવા કરવાની તક અદ્‌ભૂત છે. પરંતુ એક ક્ષણ આવે છે જ્યારે તમે જાણો છો કે જવાનો સમય છે. નવી પેઢીએ તેનું નેતૃત્વ કરવું જોઈએ. રાજીનામું આપનારા વરિષ્ઠ સાંસદોમાં પૂર્વ વડાપ્રધાન થેરેસા મે પણ સામેલ છે. પૂર્વ સંરક્ષણ પ્રધાન બેન વાલેસ પહેલેથી જ ફ્રન્ટલાઈન રાજકારણ છોડવાનો નિર્ણય જાહેર કરી ચૂક્યા છે. ધ ગાર્ડિયન અખબારે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રચારના પ્રથમ સપ્તાહમાં સુનક એક દિવસ માટે જાહેર કાર્યક્રમોથી દૂર રહેવાનું ‘અસામાન્ય પગલું’ લઈ રહ્યા છે. તેના બદલે તે તેઓ નજીકના સલાહકારો સાથે બેસીને ચૂંટણી વ્યૂહરચના ઉપર ચર્ચા કરશે. જ્યારે એક સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, વિચાર એવો હતો કે, સુનક તેના અભિયાનને સુધારવાની યોજના બનાવી રહ્યા હતા. અન્ય એક ઝુંબેશ ઓપરેટરે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન સામાન્ય રીતે ઝુંબેશના પ્રથમ સપ્તાહમાં તેમના સલાહકારો સાથે વાત કરવામાં ઘરે વિતાવતા નથી. જો કે, સુનકના નજીકના લોકો દ્વારા આ દાવાઓને ટૂંક સમયમાં ફગાવી દેવામાં આવ્યા હતા જેમણે કહ્યું હતું કે, તે ઉત્તર ઈંગ્લેન્ડમાં યોર્કશાયરના તેમના મતવિસ્તારમાં પ્રચાર માટે દિવસ પસાર કરી રહ્યા છે. વિપક્ષ દ્વારા સુનકની ટીકાનો જવાબ આપતા કહ્યું, ‘મને લાગે છે કે, તે ઘણું જૂઠું બોલી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે, અમે આ ચૂંટણી માટે યોગ્ય રીતે તૈયારી કરીએ.’ તમને જણાવી દઈએ કે બુધવારે ઋષિ સુનક દ્વારા મધ્યસત્ર સામાન્ય ચૂંટણીની જાહેરાત બાદ પ્રથમ YouGov ઓપિનિયન પોલમાં લેબર પાર્ટીની લીડ ત્રણ પોઈન્ટ ઘટી ગઈ છે.

# ૪થી જૂનના રોજ સવારે ૮ વાગ્યાથી રાજ્યના ૨૬ કેન્દ્રો પર મતગણતરી શરૂ થશેઃ શ્રીમતી પી. ભારતી

## સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે ૫૬ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૩૦ ચૂંટણી અધિકારી અને ૧૮૦ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે

## મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર તથા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ







જૂનાગઢ તા. ૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીની અધ્યક્ષતામાં વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર તથા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે રાજ્યના ૨૬ મતગણતરી કેન્દ્રો પર તા. ૪ જૂન, ૨૦૨૪ના રોજ યોજાનાર મતગણતરી માટેની વ્યવસ્થાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ECI દ્વારા પણ ગઈકાલે મતગણતરી સંદર્ભે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

રાજ્યના તમામ મતગણતરી મથકોએ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે એમ કહીને શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, તા. ૪ જૂન, ૨૦૨૪ના રોજ સવારે આઠ વાગે સમગ્ર રાજ્યમાં ૨૬ મતગણતરી કેન્દ્રો પર શરૂ કરાશે. આણંદ લોકસભા મતવિસ્તારમાં ૦૨ મતગણતરી કેન્દ્રો જ્યારે અન્ય તમામ લોકસભા મતવિસ્તારના એક-એક મતગણતરી કેન્દ્રો પર એકસાથે મત ગણતરી શરૂ કરાશે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર કાઉન્ટિંગ પ્રોસેસ માટે ૫૬ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૩૦ ચૂંટણી અધિકારી અને ૧૮૦ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે ૬૧૪ વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે. તા. ૨ જૂન સુધીમાં મતગણતરી માટેના તમામ ઓબ્ઝર્વર્સ ફરજ સ્થળ પર હાજર થઈ જશે.

શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતગણતરી સ્ટાફનું પહેલું રેન્ડમાઈઝેશન એક અઠવાડિયા પહેલા, બીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના ૨૪ કલાક પહેલા અને ત્રીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના દિવસે વહેલી સવારે ૫ વાગ્યે ઓબ્ઝર્વર્સની હાજરીમાં કરવામાં આવશે. મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કાઉન્ટીંગ હૉલમાં બે માઈક્રો-ઑબ્ઝર્વર મૂકવામાં આવશે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

મતગણતરી મથકો પર માત્ર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે. આ ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા જેમને અધિકાર પત્રો આપવામાં આવ્યા છે તેવા મીડિયાકર્મીઓ પણ પ્રવેશ કરી શકશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી, ઉમેદવાર કે તેમના અધિકૃત પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમણૂંક પામેલા ઑબ્ઝર્વર્સની હાજરીમાં સ્ટ્રોંગરૂમ ખોલવામાં આવશે. ત્યારબાદ EVM રાઉન્ડવાઈઝ બહાર કાઢી કાઉન્ટીંગ હૉલમાં લાવવામાં આવશે. સવારે આઠ વાગ્યે પોસ્ટલ બેલેટ તથા EVMના મતોની ગણતરી શરૂ કરાશે.

તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ અંગે વાત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, મતગણતરી કેન્દ્રના કેમ્પસની બહાર સ્થાનિક પોલીસનો પહેરો હશે. મતગણતરી લોકેશન પર એસઆરપીએફ અને મતગણતરી કેન્દ્ર તેમજ સ્ટ્રોંગ રૂમના દરવાજાની બહાર સીએપીએફનો ચુસ્ત બંદોબસ્ત હશે.

ફરજ પરના અધિકારીઓ અને મંજૂરી પ્રાપ્ત રાજકિય પ્રતિનિધિઓ સિવાય અન્ય વ્યક્તિઓને આ સંકુલમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. રાજ્યના તમામ કાઉન્ટીંગ સેન્ટર્સને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન (લેન્ડલાઈન) અને ફેક્સ જેવી અત્યાધુનિક સંચારસુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફોન, આઈ-પેડ કે લેપટૉપ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મતગણતરી કેન્દ્રમાં લઈ જઈ શકાશે નહીં. કમિશનના ઑબ્ઝર્વર્સ પર આ પ્રતિબંધ લાગુ પડશે નહીં. ETPBSની મતગણતરી પ્રક્રિયામાં આવશ્યક OTP મેળવવા રિટર્નિંગ ઑફિસર, આસિસ્ટન્ટ રિટર્નિંગ ઑફિસર અથવા કાઉન્ટીંગ સુપરવાઈઝર્સ પૂર્વપરવાનગી સાથે સાયલન્ટ મોડ પર મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ લઈ જઈ શકશે. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. મિડિયા સેન્ટર તથા પબ્લિક કૉમ્યુનિકેશન રૂમ સિવાય મતગણતરી કેન્દ્રના સંકુલમાં ક્યાંય પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકાશે નહીં. મતગણતરીના દિવસે https://results.eci.gov.in/ પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે. રાજ્યકક્ષાએ મીડિયાકર્મીઓને પરિણામની વિગતો મળી રહે તે માટે નવા સચિવાલયના બ્લોક નં.૧ ના ચોથા માળે સમિતિ ખંડમાં મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે.

# જૂનાગઢ જીલ્લામાં પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપતી શ્રી એમ.પી. શાહ સરકારી અંધશાળામાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

જૂનાગઢ તા.૨૯

શ્રી એમ.પી. શાહ સરકારી અંધશાળામાં દિવ્યાંગ બાળકોને તેમને જીવનમાં પગભર થવા માટે જરૂરી સંગીત તેમજ ઉદ્યોગ જેવા વિષયોની સચોટ તાલીમ આપવામાં આવે છે. તેમજ સંગીતની પ્રથમીક પરીક્ષાથી લઈ ને વિશારદ સુધીની તમામ પરીક્ષાઓ અંગેની તૈયારી પણ તજજ્ઞ શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. તેમજ સંસ્થામાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોની પરીક્ષા ફી અંગેનો ખર્ચ પણ સંસ્થા ભોગવે છે. અમારી સંસ્થામાં બાળકોને વિનામુલ્યે ગુણવત્તા સભર ભોજન, રહેવા માટે ઉત્તમ વ્યવસ્થા તેમજ બાળકોની શરીરિક તેમજ માનસિક વિકાસ માટે જરૂરી મેદાની રમતો અંગેના મેદાન, પીવાનાં પાણી માટે આર.ઓ પ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. બાળકોના કપડા ધોવા અંગેની વ્યવસ્થા પણ સંસ્થા તરફથી કરવામાં આવે છે. તેમજ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોને શાળા તકફથી ગણવેશ, પુસ્તકો પણ વિનામુલ્યે આપવામાં આવે છે. સાથે શિષ્યવૃતી પણઆપવામા આવે છે. શ્રી એમ.પી. શાહ સરકારી અંધશાળામાં નવા સત્રમાં પ્રવેશ મેળવવા માટે દિનેશભાઈ આર. સુથાર મો. ૯૯૨૪૯ ૬૭૧૮૩ ઉપર સંપર્ક કરવા અથવા શાળાનીસવારે ૧૦.૦૦ થી સાંજના ૦૬.૦૦દરમિયાન રૂબરૂ વધુ જાણકારી મેળવી શકશો.

# ભાણવડના ઢેબર ગામે ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

## એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ઝડપી લીધો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન સ્ટાફના હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ હુણ તથા નિતેશભાઈ સાદીયાને મળેલી ચોક્કસ મહિના આધારે ભાણવડ તાલુકાના ઢેબર ગામે એક શખ્સ સરકારની મંજૂરી વગર માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર લોકોની તબીબી સારવાર કરતો હોવાથી પોલીસ સ્ટાફે દરોડાની કાર્યવાહી કરી હતી.

આ કામગીરીમાં ભાણવડના નગર નાકા વિસ્તારમાં રહેતા અને સી.એમ.એસ.ઈ.ડી.ના વ્યવસાય સાથે સંકળાયેલા અબ્દુલા મુબારક અજીજમિયાં શેખ નામના ૩૦ વર્ષના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સ્થળે ઉભા કરવામાં આવેલા દવાખાનામાં ઉપરોક્ત શખ્સ દ્વારા વિવિધ પ્રકારની દવાની ટીકડીઓ (ટેબ્લેટ), બાટલાઓ, સીરીંઝ, સ્ટેથોસ્કોપ વિગેરે જેવા મેડિકલને લગતા સાધનો પણ મળી આવ્યા હતા. આમ, પોતે ડોક્ટર ન હોવા છતાં ડોક્ટર તરીકેની પ્રેક્ટિસ કરી, માનવ જિંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મૂકે એવું કૃત્ય કરતા અબ્દુલ્લા મુબારક શેખને પોલીસે ઝડપી લઈને કુલ રૂપિયા ૯૬,૬૩૪ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યાર બાદ તેની સામે આઈ.પી.સી. કલમ ૩૩૬ તથા મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા, એ.એસ.આઈ. હરદેવસિંહ જાડેજા, જીતુભાઈ હુણ, નિતેશભાઈ સાદીયા, પબુભાઈ માયાણી, સ્વરૂપસિંહ જાડેજા તથા સુમાતભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.




ભીક્ષા ના આપો તો કંઈ નહિં, તમારા એ.સી. શો-રૂમમાં થોડીવાર બેસવા દેશો?




તમે ફુગાવાની ચિંતા કરવાનું રહેવા દેજો, ફુગાઈ જશો.!

# માંગરોળ ખાતે એકતા ફાઉન્ડેશન દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૯




જૂનાગઢ જિલ્લાના માંગરોળ ઘાંચી સમાજ હોલ ખાતે એકતા ફાઉન્ડેશન અને એએમપી જુનાગઢ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ધોરણ ૧૦,૧૨ અને કોલેજ પછીના ઉચ્ચ અભ્યાસ માટે તેમજ દેશ વિદેશમાં અભ્યાસ કરવા માટેની કોલેજો યુનિવર્સિટીઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આજના સમયને અનુરૂપ આધુનિક શિક્ષણ યુપીએસસી, જીપીએસસીની તૈયારી કઈ રીતે કરવી સરકાર તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ વિશે તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તાઓ તરીકે સરકારી ડેન્ટલ કોલેજ સિધ્ધપુરના પ્રોફેસર અને આઈડીબી જદા સ્કોલરશીપ ચલાવતા ડોક્ટર બિલાલ શેઠ આઈઆઈટી મુંબઈથી અભ્યાસ કરેલા ડોક્ટર સાજીદ મોગલ બાયો કેમેસ્ટ્રીમાં પીએચડી ડોક્ટર યાસર ઉમર તેમજ જાણીતા મોટીવેશનલ સ્પીકર ડોક્ટર મુક્તિ સાજીદ ફલાહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું તેમ જ વિદ્યાર્થીઓના શૈક્ષણિક બાબતના વિવિધ પ્રશ્નોને લઈ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માંગરોળ મુસ્લિમ સમાજના આગેવાનો શિક્ષકો વાલીઓ વિદ્યાર્થીઓ શૈક્ષણિક સામાજિક કાર્યકરો એ હાજરી આપી હતી.

# દ્વારકામાં વેકેશન દરમ્યાન યાત્રિકો અને સહેલાણીઓ સુદામા સેતુની મુલાકાતથી વંચિત રહેતા ભભૂકતો રોષ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૯



મોરબીના ઝુલતા પુલની ગોઝારી દુર્ઘટના બાદ રાજયભરમાં સુરક્ષાના કારણોસર પુલોનો બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારથી દેવભૂમિ દ્વારકાના ગોમતી નદી પર આવેલ ઝુલતો પુલ સુદામા સેતુ પણ બંધ કરી દેવાયો છે. જે આજ દિવસ સુધી હજુ પણ બંધ રાખવામાં આવ્યો છે. ત્યારે હાલ વેકેશન ચાલતું હોય જેને લઈ યાત્રિકો અને સહેલાણીઓ મોટી સંખ્યામાં દ્વારકા આવતા હોય ત્યારે આ પુલની મુલાકાત લેવા વંચિત રહેતા રોષ ફેલાયો છે.

આશરે પોણા બે વર્ષથી રીપેરીંગની જરૂરિયાતને કારણે બંધ કરાયેલ પુલની આજ સુધી મરામત કરાઈ નથી.જેના કારણે રોજના લાખો રૂપિયાનું હૂંડિયામણ રળી આપતો પુલ બંધ રહેતા આર્થીક નુકશાની પણ થઈ રહી છે. છેલ્લા દોઢ દાયકામાં દ્વારકામાં પ્રવાસનલક્ષી સુવિધામાં વધારો થયો હોય અનેક પ્રવાસનલક્ષી આકર્ષણો ઉભા કરાયા હોય જે પૈકીના પ્રમુખ આકર્ષણ એવા સુદામા સેતુ બંધ રહેવાથી દ્વારકાના પ્રવાસન ઉદ્યોગને પણ માર પડી રહ્યો છે. આ સાથે પંચકુઈ બીચ,પંચનદતીર્થ જતા પ્રવાસીઓ પણ સહેલાઈથી ન પહોચી શકતા દરિયાના પાણીમાં કરંટ જોવા મળતો હોવા છતા ઉપલબ્ધ એકમાત્ર બોટની સુવિધાથી જવા મજબુર બન્યા છે. રાજકીય સહિત અનેક લોકો દ્વારા બીજ ચાલુ કરવા માંગ કરવામા આવી હોવા છતાં બ્રીજ ચાલુ કરવામા આવેલ નથી.

# ભેંસાણમાં પેટ્રોલ પંપ ખાતે ફાયર મોકડ્રીલ યોજાઈ



(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૨૯

ભેંસાણના જૂનાગઢ રોડ ઉપર આવેલ ભાવિન પેટ્રોલિયમ ખાતે ભેંસાણ ના મામલતદાર આઈ.આર.પારગીની ઉપસ્થિતમાં ફાયર અંગેની મોકડ્રીલ કરવામાં આવી હતી. આ તકે પેટ્રોલ પંપના સંચાલક રતિભાઈ મોણપરાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, દરેક યુનિટ દિઠ ફાયરના બે બાટલા વર્કિંગ કન્ડિશનમાં હોવા જોઈએ. દરેક યુનિટ દિઠ ચાર સેન્ડ બકેટ રાખવી જરૂરી છે. ઓફિસના ઈલેક્ટ્રિક પેનલ બોર્ડમાં $CO_2$ સિલિન્ડરની બે બોટલ હોવી ફરજીયાત છે. ફાયર સેફ્ટી માટે આ દરેક બાબતો અગત્યની છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે મેડીકલ કેમ્પ યોજાયો



## મેડીકલ કેમ્પમાં કુલ ૧૫૩ કર્મચારી/અધિકારીના આરોગ્યની તપાસ કરાઈ

(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૯

તા.૨૮-૦૫-૨૪ના રોજ જીલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેકટરશ્રીના માર્ગદર્શનથી સેવા સદન ખાતેની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ અધિકારીશ્રીઓની આરોગ્ય તપાસ માટેનો મેડીકલ કેમ્પ યોજવામાં આવેલ હતો. મેડીકલ કેમ્પમાં કુલ ૧૫૩ કર્મચારી/અધિકારીશ્રીના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૦ કર્મચારીઓનું ડાયાબીટીશ અને ૧૭ કર્મચારીઓનું બ્લડ પ્રેસર પ્રાથમિક ધોરણે વધારે જોવા મળેલ હતું,જે કર્મચારીઓને આગળની સારવાર માટે જીલ્લા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, જયારે ૧૮ મહિલા કર્મચારીઓનું હિમોગ્લોબીન સામાન્ય કરતા ઓછુ જોવા મળેલ હતું. ડાયાબીટીશ અને હાયપરટેન્શનની સારવાર ચાલુ હોય તેવા ૮ કર્મચારીઓ જોવા મળ્યા હતા. આ કેમ્પમાં ડાયાબીટીશ અને બ્લડ પ્રેસર જેવા રોગોને નિયત્રણમાં રાખવા અને અટકાવવા માટે દરરોજ ૩૦ મિનીટથી વધુ શારીરિક પ્રવૃત્તિ કરવી, યોગ, પ્રાણાયમ કરવા નિયમિત ભોજનમાં મીઠાનો ઓછો ઉપયોગ કરવો, વ્યસન ન કરવું, તેલ વાળી વસ્તુનો ઓછો ઉપયોગ કરવો, વજનને નિયત્રણમાં રાખવું વગેરે આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. દરેક વ્યક્તિએ વર્ષમાં એક વખત બ્લડ પ્રેસર અને ડાયાબીટીશની તપાસ કરાવવા અને જરૂરિયાત મુજબની કાળજી રાખવા યાદીમાં જણાવાયું છે.

# દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ગૌરવમાં વધુ એક સિતારો ચમક્યો હેમાદ્રી વાયડાએ શશીભૂષણ કલા ગૌરવ સન્માન પ્રાપ્ત કર્યું



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૯

દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા તેમજ યજમાનવૃત્તિ કરનારા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિજનો દ્વારા દિવસે દિવસે અલગ અલગ ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં આવી રહી છે ત્યારે હાલ મૂળ દ્વારકાના વતની અને હાલમાં વડોદરા નિવાસી હેમાદ્રીબેન પરેશભાઈ વાયડા દ્વારા ગત ૨૫ અને ૨૬ મે દરમિયાન ઉજ્જૈન ખાતે યોજાયેલ શ્રી મહાકાલેશ્વરાય સાંસ્કૃતિક મહોત્સવમાં શ્રેષ્ઠ કથક નૃત્યની પ્રસ્તુતિ બદલ શશીકલા ભૂષણ સન્માન પ્રાપ્ત કરી પોતાના પરિવાર તથા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.હેમાદ્રીબેન દ્વારકાધીશ વહીવટી ઓફિસમાં ફરજ બજાવતા પરેશભાઈ વાયડા તેમજ કૃપાબેન વાયડાના સુપુત્રી છે.જેઓએ શાસ્ત્રીય નૃત્ય કથકમાં વિશારદ સુધીની તાલીમ મેળવેલ છે.તેમજ દેશના અલગ અલગ રાજયોમાં પોતાના નૃત્યની સુંદર પ્રસ્તુતિઓ આપેલ છે.

ઉજ્જૈન ખાતે થયેલ સન્માન બદલ હેમાદ્રીબેને સમગ્ર પરિવારનો આભાર વ્યક્ત કર્યો શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા હેમાદ્રીબેનની આ સિદ્ધિને બિરદાવવામાં આવી.

# ખંભાળિયા : કાંપ કાઢવાના પ્રકરણમાં રૂા.૧.૧૦ લાખની લાંચ લેવા સબબ મહિલા સરપંચ તથા પુત્ર ઝડપાયા



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા તાલુકાના એક આસામી દ્વારા ડેમ વિસ્તારમાંથી માટી કાઢવા સબબ સ્થાનિક સરપંચ દ્વારા હેરાનગતિ ન થાય તે માટે લાંચ લેવાના પ્રકરણમાં મહિલા સરપંચ તથા તેમના પુત્રને રૂપિયા ૧.૧૦ લાખના મુદ્દામાલની રકમ સાથે ઝડપી લીધા હતા.

આ સમગ્ર પ્રકરણની એ.સી.બી. સુત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા - જામનગર રોડ ઉપર આવેલા સિંહણ ડેમમાંથી માટી (કાંપ) કાઢવાનું કામ કરતા એક આસામી દ્વારા તેના આ કામ ધંધામાં હેરાનગતિ કરી અને નાગડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ લાખીબેન મેરામણભાઈ ગુજરીયા દ્વારા રૂપિયા ૧.૧૦ લાખની રકમની માંગણી કરવામાં આવી હતી. આ રકમ ફરિયાદી આસામી આપવા માંગતો ન હોય, તેમના દ્વારા એન્ટી કરપ્શન બ્યુરો વિભાગને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને રાજકોટ એ.સી.બી. એકમના ઈન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ દેવભૂમિ દ્વારકા એ.સી.બી. પોલીસ મથકના પી.આઈ. પી.એ. દેકાવાડિયા તથા તેમની ટીમ દ્વારા ગતસાંજે લાંચ અંગેનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને ખંભાળિયા - જામનગર હાઈવે પર આવેલા આરાધના ધામ રોડ ઉપર ફરિયાદી દ્વારા આરોપી લાખીબેન મેરામણભાઈ ગુજરીયા તથા તેમના પુત્ર ફૂલસુરભાઈ મેરામણભાઈ ગુજરીયાને રૂ. ૧.૧૦ લાખ રોકડા આપતા તુરંત જ એ.સી.બી. પોલીસ સ્ટાફ આ સ્થળે પહોંચી ગયો હતો અને લાંચની ટ્રેપમાં આ રકમ સ્વીકારતા બંનેને ઝડપી લીધા હતા. જે અંગે ધોરણસર ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

નાગડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ તથા તેમના પુત્ર લાંચના છટકામાં ઝડપાઈ જતા સ્થાનિક ગ્રામજનો તેમજ આ વર્તુળોમાં ભારે ચર્ચા મચી જવા પામી છે.

# રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ દહિંસરાના સ્ટેશન માસ્ટર ને ડીઆરએમ એ કર્યા સન્માનિત



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૯

રેલવે સેફટીમાં તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના દહિંસરા સ્ટેશનના સ્ટેશન માસ્ટર શ્રી શશી શેખરને આજે રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ, રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તારીખ ૧૬-૫ના રોજ ઉપરોક્ત કર્મચારી દ્વારા ગેટ નં. ૬૭ ના ગેટ મેન પાસેથી સંદેશ મળ્યો કે એક ટ્રક ગેટની ફેન્સીંગ તોડીને ટ્રેકની વચ્ચે આવી ગયો છે. આ પછી, દહિંસરા માં ફરજ પર ના સ્ટેશન માસ્ટર શ્રી શશિ શેખરે વોકી ટોકી પર ટ્રેન નંબર ૨૨૯૫૨ ગાંધીધામ-બાંદ્રા એકસપ્રેસના લોકો પાયલોટ અને ટ્રેન મેનેજરને સંદેશો મોકલ્યો અને ટ્રેનને ઘટના સ્થળ પહેલા જ રોકાવી. તેમની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે, સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર. મીના, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર આર.સી. મીણા અને સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયાના સેવાભાવી યુવાનો દ્વારા છાશ વિતરણ



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા પંથકમાં હાલ કાળઝાળ ગરમીનો સામનો લોકો કરી રહ્યા છે. ત્યારે અહીંના માંડવી ટીંબા વિસ્તારમાં સ્થાનિક સેવાભાવી વેપારીઓ, યુવાનો દ્વારા ઠંડી છાશનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. હાલ આગઝરતી ગરમીમાં લોકોને ટાઢક મળી રહે તે માટે અત્રે માંડવી ટીંબા - હર્ષદ માતાજી મંદિર પાસે સેવાભાવી કાર્યકરો મનુભાઈ કાનાણી, દીવુભાઈ સોની, હિતેશ કંસારા, ભીખુભાઈ ગાંઠીયાવાળા, કાંતિભાઈ ચા વાળા, રાજુભાઈ ગાંઠીયાવાળા સહિત અન્ય કાર્યકરો દ્વારા દરરોજ સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી ઠંડી છાશ ઉપરાંત ઠંડાપીણા તેમજ શરબત પીવડાવીને લોકોને ઠંડક પહોંચાડવામાં આવે છે.

આ સેવા કાર્યમાં સહભાગી થવા ઈચ્છતા લોકોએ ઉપરોક્ત કાર્યકરોનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢની ચેલેન્જ સ્કેટ એકેડેમી દ્વારા ૩૧ કિલોમીટરની સ્કેટિંગ પ્રેક્ટિસ યોજાઈ



જૂનાગઢ તા.૨૯

ચેલેન્જ સ્કેટ એકેડેમી જુનાગઢના કોચ એવા પરાગભાઈ કારીયા દ્વારા જુનાગઢથી માણેકવાડા લગભગ ૩૧ કિલોમીટરની સ્કેટિંગ પ્રેક્ટિસનું આયોજન કરાયું હતું જેમાં ચેલેન્જ સ્કેટ એકેડેમી ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ ૩૧ કિલોમીટરની આ યાત્રા સ્કેટિંગ કરીને પૂર્ણ કરી હતી. સવારે ૦૪:૧૫ વાગ્યે મોતી બાગના પહેલા ગેટથી આ સ્કેટિંગ યાત્રાનો શુભારંભ થયો હતો. આ સ્કેટિંગ યાત્રામાં બાળકોના પેરેન્ટ્સ પણ વાહનો સાથે જોડાયા હતા અને રસ્તા ઉપરના રાહદારીઓએ પણ આ સ્કેટિંગ ધારકો ને જોઈ આશ્ચર્યચકિત થયા હતા તથા તેમને બિરદાવ્યા હતા. આ તકે શ્રીમતી આર.એસ કાલરીયા શાળાના સંચાલક એવા ધીરૂભાઈ સરવૈયા કણજા ફાટક પાસે મળતા એમને પણ સ્કેટિંગ ધારકો ના ઉત્સાહને ચા પાણી પીવડાવી બમણો કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચેતનભાઈ રૂપારેલીયા તથા વાલીઓએ કાર્યક્રમની સફળતા માટે સહયોગ આપ્યો હતો.

(તસ્વીરઃ કિશન ઉપાધ્યાય)

# સોમનાથ મહાદેવ દર્શને આવી રહ્યા છે દેશના ગૃહમંત્રી અમીત શાહ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૯

દેશના ગૃહમંત્રી અને સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અમીત શાહ દેશભરમાં લોકસભા ચૂંટણી ક્રમ પુરો થતા તા.૩૧ મેના રોજ તેઓ સોમનાથ મહાદેવના દર્શન-પૂજન કરી આર્શીવાદ મેળવશે. પ્રત્યેક લોકસભા ચૂંટણી પ્રચાર તબક્કા કાર્ય પૂર્ણ થયા બાદ વરસોથી સોમનાથ મહાદેવ દર્શન-પૂજા તેમનો નિત્યક્રમ છે. વહિવટી તંત્ર આ અંગે તડામાર તૈયારીઓ પ્રારંભ કરી રહ્યું છે.

# દ્વારકાના અરબી સમુદ્રમાં જોવા મળ્યો કરન્ટ

## દરિયાકાંઠાના વિસ્તારોમાં વિશાળકાય મોજા ઉછળ્યા

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા. ૩૦

મે માસ પૂર્ણતાને આરે હોય જૂન મહિનાથી સામાન્યતઃ ચોમાસાની અસર સમુદ્રના પાણીમાં જોવા મળતી હોય અરબી સમુદ્રના નીરમાં કરન્ટની અસર દ્વારકાના કાંઠાળા વિસ્તારોમાં જોવા મળી રહી છે.

દ્વારકામાં અરબી સમુદ્રના કાંઠાળા વિસ્તારો પંચકુઈ બીચ ગોમતી ઘાટ સંગમનારાયણ મંદિર ગાયત્રી બીચ લાઈટ હાઉસ સનસેટ ભડકેશ્ર્વર ચોપાટી રૂપેણ બંદર સહિતના કાંઠાળા વિસ્તારોમાં દરિયાના પાણીમાં કરન્ટને લીધે વિશાળ મોજા ઉછળી રહ્યા છે અને અમુક વિસ્તારોમાં તો ૧૦ થી ૧૨ ફુટ ઉંચા મોજા પણ ઉછળતા જોવા મળ્યા હતા.

# શ્રી પ્રેમાનંદ ઈંગ્લીશ મીડીયમ સ્કુલની વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો



જૂનાગઢ, તા.૨૯

શ્રી પ્રેમાનંદ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ જૂનાગઢની વિદ્યાર્થીની કુ. ખનક રૈયાણી એ ખેલ મહાકુંભ ૨.૦ રાજ્યકક્ષા લોન ટેનીસ સ્પર્ધામાં પ્રથમ રેંક મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. આટલી નાની ઉંમરમાં રાજયકક્ષાનો ગોલ્ડ મેડલ મેળવનાર આ દીકરીએ રૈયાણી પરિવાર, શ્રી પ્રેમાનંદ સ્કૂલ ઉપરાંત જૂનાગઢ જિલ્લાનું પણ નામ રોશન કરી ગૌરવ વધાર્યું છે. આ તકે પૂજ્ય મૂકતાનંદજી બાપૂ, ગિજુભાઈ ભરાડ તથા ડો.માતંગભાઈ પુરોહિતએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

# ભાણવડમાં મોરને નવજીવન આપતું એનિમલ લવર્સ અને વન વિભાગની સેવા પ્રવૃત્તિ




(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૯

ભાણવડના પાછતરડી ગામે એક શ્વાન દ્વારા ઘાયલ મોર અવાવરૂ કૂવામાં પડી જતાં આ અંગે સ્થાનિક લોકો દ્વારા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યોને જાણ કરવામાં આવી હતી. આથી સંસ્થાના અશોકભાઈ ભટ્ટ અને અરજણભાઈ મોરીએ તુરંત આ સ્થળ પર પહોંચી હાઈડ્રોલિક એનિમલ એમ્બ્યુલન્સની મદદથી ઘાયલ મોરને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ મોરને સારવાર અર્થે ભાણવડ વન વિભાગને સોંપી, પોરબંદર રીફર કરીને ઈજાગ્રસ્ત રાષ્ટ્રીય પક્ષી મોરને નવજીવન અપાયું હતું.

# ઉના તાલુકાના ખજુદ્રા ગામની મહિલાનાં દાગીના લઈ જનારને ઝડપી લેતી પોલીસ



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના, તા.૨૯

ઉનાના ખજુદ્રા ગામે ધોલીવાવ વાડી વિસ્તારમાં રહેતા મહિલાને ભોળવી વિશ્વાસમાં લઈ સોનાનાં દાગીના લઈ રફફુ ચક્કર થયેલા બે શખ્સોની ગીર એલસીબીએ ધરપકડ કરી રાજકોટ અને ભાવનગરનો શખ્સ ભિક્ષા વૃત્તિ માટે આવ્યા હતા અને રામદેવપીરના ભગત હોવાનું કહી મહિલાને પ્રસાદીરૂપે પાણી અને તેના દાગીના પાણીના ગ્લાસમાં નખાવ્યા હતા જે દાગીના લઈ બન્ને શખ્સ ફરાર થયા હતા જેની ધરપકડ કરવામાં આવી હતી.

## રાજકોટ ગેમઝોન દુર્ઘટનાનાં મૃતકોને જૂનાગઢમાં આજે સુખનાથ ચોક ખાતે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતી દ્વારા શ્રધ્ધાંજલી અપાશે

જૂનાગઢ તા.૨૯

રાજકોટમાં ગેમીંગ ઝોનની ગોઝારી આગની દુર્ઘટનામાં બાળકો સહિત ૨૮ નિર્દોષ લોકોના મૃત્યુ થયા છે હજી ઘણા લોકો લાપતા છે આ દુર્ઘટનાને વખોડવા હિન્દુ-મુસ્લિમ ભાઈઓ-બહેનો તેમજ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના આગેવાનો દ્વારા આજે સાંજે ૮ કલાકે મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

Bandhan Bank
રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

ભૌતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ, ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી નટુભાઈ જીવરાજભાઈ કારાઠીયા શ્રીમતી રાજેશ્રીબેન નટુભાઈ કારાઠીયા ૨૦૦૦૨૧૫૦૦૦૨૭૯૮ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નં.૨૨/પૈકી-૧/પૈકી-૧, પ્લોટ નં.૨૨ પૈકી મધ્ય ભાગ અને પ્લોટ નં.૨૩ પૈકી મધ્ય ભાગ, ૧૦૩.૮૫ ચો.મીટર જમીન વિસ્તાર, વ્રુજ વાટિકા, તાલાળા રોડ, કડવા પટેલ સમાજ પાસે, ગડિયાવડ , તાઃ તાલાળા, ગીર-સોમનાથ-૩૬૨૧૫૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરેઃ પ્લોટ નં.૨૨ પૈકી અને ૨૩ પૈકી, પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ રોડ, દક્ષિણેઃ પ્લોટ નં.૨૨ પૈકી અને ૨૩ પૈકી | ૦૫.૦૯.૨૦૨૩ | ૨૫.૦૫.૨૦૨૪ | રૂ.૧૧,૧૩,૬૧૩.૪૮ |

સ્થળઃ ગીર-સોમનાથ
તારીખઃ ૨૯/૦૫/૨૦૨૪
અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# જૂનાગઢમાં કોઈની પણ શેહશરમ ન રાખે તેવા અધિકારીની જરૂર છે

## મુખ્યમંત્રીએ વોંકળાના દબાણો દુર કરવા ૩ વખત કહયું હોવા છતાં માત્ર ગરીબોનાં ઝુંપડા તોડીને દબાણ હટાવવાની કામગીરી કરીને સંતોષ માની લીધો છે !

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેરના ભાગ્ય કહો કે કરમ કઠણાઈ, અહીં પ્રજાના અનેક કામો અટકેલા રહયા છે. વિકાસના કામો મોટાભાગે આડેધડ થતા હોવાથી પુરાવા સહિતની ફરીયાદો ઉઠવા પામી છે તો બીજીતરફ ગત વર્ષે જલ હોનારતની જે ઘટના બની હતી તેના એક માત્ર કારણમાં ચોખ્ખુંચટ તારણ વોકળા ઉપરના ગેરકાયદેસર બાંધકામોના ખડકલા થયેલા છે અને તેના કારણે જૂનાગઢ ભયંકર આપતિમાં ઘેરાયું હતું અને આ બાબતે ગુજરાતનાં મુખ્યમંત્રીને પણ રજુઆતો થઈ છે. મુખ્યમંત્રી ત્રણ વખત જૂનાગઢની મુલાકાતે આવી ગયા હતા. જેમાં પ્રથમ નવનિર્મીત ઉપરકોટ સહિતનાં લોકાર્પણનાં કાર્યક્રમમાં ત્યારબાદ ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી માટે આ ઉપરાંત લોકસભાની ચુંટણીનાં અનુસંધાને આમ સતત ત્રણ વખત મુખ્યમંત્રી જૂનાગઢ આવેલ અને જૂનાગઢની જનતાના પ્રશ્નો તેમજ સમસ્યાઓ હલ કરવા અને ખાસ કરીને વોકળાના દબાણો દુર કરવામાં આવશે તેવું ચોખ્ખું કહયું હોવા છતાં વોકળાના દબાણો એટલે કે ગેરકાયદેસર મોટા માથાઓમાં બાંધકામો આજની તારીખે યથાવત છે અને દબાણના નામે નાના માણસોનાં ઝુંપડા તોડી નાખવામાં આવે છે તો કયારેક રસ્તા ઉપર નાના માણસોની લારી, રેકડીઓને હટાવી દંડ ફટકારવામાં આવે છે. જયારે નાના માણસોને મનપા તંત્ર હેરાન કરે છે પરંતુ વગધારીઓને તો કાંઈ કહી શકાતું નથી.

આ ઉપરાંત મનપા તંત્ર સામે લોકોમાંથી અનેક ફરીયાદો રહેલી છે. જૂનાગઢ શહેરમાં પણ ક્ષતિઓ વાળા ગેમ ઝોન ઘણા સમયથી ચાલતા હતા જે હમણા સીલ કરવામાં આવ્યા છે. જયારે અનેક બિલ્ડીંગોમાં ફાયર એનઓસી છે જ નહીં તેવી પણ ચોંકાવનારી વિગતોની ચર્ચા થાય છે. જૂનાગઢમાં બોગસ એનઓસી પ્રકરણ પણ ગાજી રહયું છે. આમ 'પોપાબાઈના રાજ'ની માફક ઘણાં કૌભાંડો મનપામાં ચાલી રહયા છે.

મનપાના કેટલાક વિભાગોનું સઘન ચેકીંગ કરવામાં આવે તો ખળભળાટ મચી જાય તેમ છે. આ ઉપરાંત પદાધિકારીઓની ગાડીઓના ફેરાની લોગબુક અંગે તપાસ થાય તો પણ ઘણી જ ચોંકાવનારી વિગત બહાર આવે તેમ છે. ટુંકમાં જૂનાગઢ વાસીઓને માથે થોપી બેસાડેલા કહેવાતા પદાધિકારીઓ પ્રજાના કોઈ કામમાં ભલીવાર દેખાડી શકયા નથી અને જેનો પડઘો પણ આગામી મનપાની ચુંટણીમાં પડશે જ તેવું જનમાનસ છે.

જૂનાગઢને જોઈએ છે નિષ્ઠાવાન નેતા અને અધિકારી

જૂનાગઢ શહેરની જનતાને પ્રાથમિક સુવિધાના પ્રશ્ને, વિકાસના પ્રશ્ને તેમજ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને એવા નેતા અને અધિકારી જોઈએ છે કે જેમની નિષ્ઠાવાન કામગીરીને કારણે તેમના સામે કોઈપણ ફરીયાદ ન રહે.

અહીં એક બાબત ખાસ નોંધવાની જરૂર છે અને યાદ આપવી જ રહી કે ગુજરાતની ગાદી ઉપર તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જે સમયે કેશુભાઈ પટેલ બિરાજમાન હતા ત્યારે રાજકોટના શાપર વેરાવળ પાસે એક કારખાનાનાં ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં તેઓને આમંત્રણ મળ્યું હતું. ત્યારે પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે આ કારખાનાને લાયસન્સ છે કે નહીં તેની તપાસ કરાવી હતી અને કારખાનાને લાયસન્સ મળ્યા બાદ ઉદ્દ્ઘાટન સમારોહમાં આવ્યા હતા. જયારે બીજા એક અધિકારી એટલે કે તત્કાલીન રાજકોટનાં કમિશ્નર જગદીશનને કાલાવડ રોડ ઉપરની એક હોટલનાં ઉદ્દ્ઘાટન સમારોહમાં હાજરી આપવાની હતી ત્યારે કમિશ્નર જગદીશન ત્યાં ગયા અને તે વખતે તેમને લાગ્યું કે અહીં દબાણ થયેલું છે જેથી તાત્કાલીક મામલતદાર પાસે નોટીસ ફટકારી અને દંડ વસુલ કર્યો હતો અને આજે પણ રાજકોટ વાસીઓ કેશુભાઈ પટેલ અને જગદીશનને યાદ કરે છે. જૂનાગઢને પણ આવા નેતા અને આવા અધિકારીની ખાસ જરૂર છે તેમ નથી લાગતું?

## જૂનાગઢમાં કોઈ દુર્ઘટના સર્જાશે તો મનપાનાં અધિકારી, પદાધિકારી જવાબદાર ગણાશે

જૂનાગઢ તા. ૨૯ : જૂનાગઢ શહેરમાં રસ્તાના ખોદકામ બાદ આડેધડ ઢાંકણા ફીટ કરવાના કારણે અનેકવાર અકસ્માતના બનાવો બન્યા છે. અને અણઘડ કામગીરીને કારણે જો કોઈ ગંભીર દુર્ઘટના સર્જાશે તો તેના માટે જવાબદાર મનપાના અધિકારી, પદાધિકારી જ ગણાશે તેવું જનતાનું કહેવું છે.

ન પાણીયા નેતાઓને કારણે જૂનાગઢની પ્રજા અનેક સમસ્યાથી પિડાઈ રહી છે અને કથિત ભ્રષ્ટાચાર એટલી હદે વકરી રહયો છે કે જૂનાગઢ મનપાને સુપરસીડ કરવી પડે તે કક્ષાએ અંધેર વહીવટ ચાલી રહયા છે અને ગુજરાતના મુખ્યમંત્રી આ બધીજ બાબતોથી વાકેફ છે અને ટુંક સમયમાં કડક કાર્યવાહીના આદેશો થાય તેવા નિર્દેશો મળે છે.

# જૂનાગઢમાં રીલાયન્સ સુપર માર્કેટ, જયશ્રી સિનેમા, રીલાયન્સ ટ્રેન્ડસ મોલ, ક્રોમા મોલ સીલ કરાયા





જૂનાગઢ તા.૨૯

રાજકોટ ખાતે ટીઆરપી ગેમઝોન ખાતે સર્જાયેલા ગોઝારા અગ્નિકાંડના બનાવના પગલે ગુજરાતના અનેક શહેરોમાં ઉચ્ચ કક્ષાના આદેશ અનુસાર ફાયર એનઓસીની ચકાસણીની કાર્યવાહી જોરશોરથી ચાલી રહી છે ત્યારે જૂનાગઢ મહાનગર પાલીકા તંત્ર દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગઈકાલે રીલાયન્સ સુપર માર્કેટ, જયશ્રી સિનેમા, રીલાયન્સ ટ્રેન્ડસ મોલ, ક્રોમા મોલ વગેરેનો ફાયર એન.ઓસી તેમજ બીયુ પરમીશન ન હોવાના કારણે સીલ કરાયા છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર તા.૨૫/૦૫/૨૦૨૪ના રોજ રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનમાં આગ લાગતા જે દુર્ઘટના સર્જાય હતી.તેના અનુસંધાને ફરી આ પ્રકારની કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે કમિશ્નર ડૉ.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ અને નાયબ કમિશનર એ.એસ.ઝાંપડાની સુચના અન્વયે જૂનાગઢ, મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ મોલ, હાઈરાઈઝ બિલ્ડીંગ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, હોસ્પીટલો, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ,સિનેમા ગૃહ, શોપીંગ કોમ્પલેક્ષ, અન્ય બહુમાળી બિલ્ડીંગો, ધાર્મિક સ્થળો અને જે જગ્યાએ વધુ લોકોને અવર જવર થતી હોય તેવા તમામ સ્થળો પર બાંધકામ પરવાનગી,બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર,ફાયર એન.ઓ.સી. તેમજ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતા અલગ અલગ પરવાના તથા બિલ્ડીંગ સ્ટ્રકચર (કાયમી તથા હંગામી) વગેરે બાબતોની તપાસ/ ચકાસણી કરવા માટે સીનીયર ટાઉન પ્લાનર બી.એચ.ગામીત, આસી. કમિશનર (ટેક્ષ) કે.જી. ટોલિયા, કાર્યપાલક ઈજનેર(બાંધકામ શાખા) ડી.જી.રાઠોડ,કાર્યપાલક ઈજનેર (વો.વ.શાખા) અલ્પેશભાઈ ચાવડા, ચીફ ફાયર ઓફિસર દીપક જાની,ડીઝાસ્ટર પ્રોગ્રામ ઓફિસર યકીન શિવાણી, ઈલે.ઈજનેર એચ.કે.ચુડાસમા સહિતના અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે.

જેમાં તા.૨૬/૦૫/૨૦૨૪ના રોજ સુરજ ફન વર્લ્ડ એમ્યુઝમેન્ટ પાર્ક,કોલેજ રોડ જુનાગઢમાં ફાયર એન.ઓ.સી.ની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે,સુરજ સિનેપ્લેક્ષ કોલેજ રોડ,જુનાગઢ અને ગેમર્સ પોઈન્ટ,ઉપરકોટ,જુનાગઢમાં ફાયર એન.ઓ.સી. ન હોય.હોટલ ફર્ન ગિરનાર દરવાજા,જુનાગઢ પાસે તેમજ ઉપરોક્ત તમામ ગેમઝોનમાં કલેકટર કચેરી પાસેથી ગેમિંગ ઝોન ચલાવવા બાબતેનો પરવાનો ન હોય તે માટે સીલ કરવામાં આવેલ હતી.

શહેરમાં લોકોની વધુ અવર જવર રહેતી હોય તેવા વિવિધ સ્થળો જેવા કે મોલ,સિનેમા ગૃહો વગેરે સ્થળોની તા.૨૭/૦૫/૨૦૨૪ તથા તા:૨૮/૦૫/૨૦૨૪ ના રોજ ફાયર એન.ઓ.સી. તથા બી.યુ. પરમીશનની ચકાસણી કરવામાં આવતા કુલ ૪ સ્થળો જેમાં રીલાયન્સ સુપર માર્કેટ, મોતીબાગ રોડ, જુનાગઢ અને જયશ્રી સિનેમા, તળાવ દરવાજા રોડ, જુનાગઢમાં ફાયર એન.ઓ.સી. તેમજ બી.યુ. સર્ટીફીકેટ ન હોય તેમજ રિલાયન્સ ટ્રેન્ડસ મોલ, ઝાંઝરડા બાયપાસ રોડ, જુનાગઢ અને ક્રોમા મોલ,ટીંબાવાડી રોડમાં ફાયર એન.ઓ.સી. ન હોય જે ધ્યાને લઈ ઉક્ત ચાર સ્થળો પર સિલિંગ મારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરમાં આવેલ હોસ્પિટલો, કોલેજો,શાળા,બહુમાળી બિલ્ડીંગમાં ફાયર એન.ઓ.સી. તથા બી.યુ.પરમીશન ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## ભેસાણ પંથકમાં નરાધમ બાપે સગી પુત્રી ઉપર હેવાનીયત આચરી : બે સામે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જિલ્લાના ભેસાણ પંથકમાં સગા બાપે જ હવસખોર થઈ સગી દીકરીને મુંગો આપી દુષ્કર્મ આચર્યુ હોવાની અને અન્ય એક શખ્સે પણ બળજબરીથી સંબંધ બાંધ્યો હોવાની ફરિયાદ સગીરાએ નોંધાવતા ભારે ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર મધ્યપ્રદેશના બડવાની જિલ્લાનો એક શખ્સ ભેસાણ નજીકના ગામમાં આવેલ ફૂડ કારખાનામાં ૧૪ વર્ષની દીકરી અને ૧૦ વર્ષના દીકરા સાથે મજૂરી કામ કરે છે. આ પરપ્રાંતીય પરિવારની સગીરા ઉપર એક શખ્સે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યો હતો. બાદમાં સગી દીકરીને પતાવી દેવાની ધમકી પિતાએ મોં ઉપર મુંગો દઈ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું. બે માસથી પિતાએ શારીરિક અત્યાચાર ગુજારી પરેશાન કરતા આખરે ૧૪ વર્ષીય તરૂણીએ સોમવારની સાંજે ફરિયાદ કરતા ભેસાણના પીએસઆઈ એમ. એન. કાતરીયાએ સગીરાના પિતા અને અન્ય શખ્સ સામે કલમ ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨), પોક્સો એક્ટની કલમ ૪, ૮, ૧૨, ૫(એલ) (એન) મુજબ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ફરિયાદના આધારે ઈન્ચાર્જ સીપીઆઈ બી. બી. કોળી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે ઈન્ચાર્જ સીપીઆઈ બી.બી. કોળીએ જણાવ્યું હતું કે, દુષ્કર્મનો ભોગ બનેલી ૧૪ વર્ષીય સગીરા, તેનાથી નાનો ભાઈ અને પિતા સાથે ડુંગળીનાં કારખાનામાં કામ કરે છે. સગીરા સાથે બળજબરીથી સંબંધ બાંધનાર શખ્સ તેના દેશમાં ભાગી ગયો છે. તેને ઝડપી લેવા એક ટીમને મોકલવાની ગતિવિધિ શરૂ કરવામાં આવી છે. જયારે સગીરાના પિતાની અટક માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે


ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨